CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - પુનમ    સોમવાર તા.૨૯-૦૬-૨૦૨૬    અંક : ૨૦૧ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# પૂર્વોત્તર રાજ્યોમાં મેઘતાંડવ અને ભૂસ્ખલનથી ભારે તારાજી

## આસામમાં ૧૦૦થી વધુ ગામો પાણીમાં થયા ગરકાવ : વાયુસેના અને એસડીઆરએફની ટીમ દ્વારા બચાવ કામગીરી હાથ ધરાઈ

નવી દિલ્હી

પૂર્વોત્તર ભારતમાં ચોમાસાની શરૂઆત થતાં જ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અરુણાચલ પ્રદેશ અને અસમમાં થઈ રહેલા અવિરત મુસળધાર વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલને ભારે તબાહી મચાવી છે.

પૂરના કારણે અસમના ૧૦૦ થી વધુ ગામો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જેના લીધે હજારો લોકો પ્રભાવિત થયા છે. અરુણાચલ પ્રદેશમાં આ કુદરતી આપત્તિના કારણે અત્યાર સુધીમાં ૩ લોકોના મોતના અહેવાલછે. જ્યારે અનેક લોકો ગુમ છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં વાયુસેના અને એસડીઆરએફની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહી છે.

અરુણાચલ પ્રદેશમાંથી આવતા પૂરના પાણીના પ્રચંડ પ્રવાહને કારણે અસમના ધેમાજી જિલ્લામાં સ્થિતિ સૌથી વધુ વણસી છે. ૨૮ જૂનના રોજ ધેમાજીમાં કેમી નદી પર બનેલો ૩૦૦ મીટર લાંબો વિશાળ લોખંડનો પુલ પૂરના ધસમસતા પ્રવાહમાં પત્તાની જેમ વહી ગયો હતો. આ પુલ તૂટી પડવાના કારણે કેમી-પુરાના જેલોમ વિસ્તાર અને જોનાઈ સદર વચ્ચેનો માર્ગ સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે.

આ કનેક્ટિવિટી તૂટવાથી હજારો લોકો અટવાઈ પડ્યા છે અને તેમને જીવનજરૂરી ચીજવસ્તુઓ, દવાઓ અને હોસ્પિટલ સુધી પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, ધેમાજીમાં સિમેન નદી પર આવેલો રેલવે બ્રિજ પણ આંશિક રીતે ક્ષતિગ્રસ્ત થયો છે.

અસમ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રધિકરણના જણાવ્યા અનુસાર, ધેમાજી જિલ્લામાં ૨૦,૦૦૦ થી વધુ લોકો પૂરથી સીધા પ્રભાવિત થયા છે. અસમ-અરુણાચલ બોર્ડરના જોનાઈ વિસ્તારમાં નદીઓ ભયજનક સપાટીએ વહી રહી છે. અહીની બહીર ચિલે પંચાયતના ૪૦ ગામો અને બહીર જોનાઈ પંચાયતના ૬૦ થી વધુ ગામો પૂરના પાણીમાં ગરકાવ થઈ ગયા છે. સેંકડો એકર જમીનમાં ઉભેલો પાક નાશ પામ્યો છે, જ્યારે અનેક પશુઓ પણ પાણીના પ્રવાહમાં તણાઈ ગયા છે. રાજ્ય સરકારે નીચાણવાળા વિસ્તારોમાં હાઈ-એલર્ટ જાહેર કર્યું છે.

અરુણાચલ પ્રદેશના લોઅર સિયાંગ જિલ્લાના સિજી વિસ્તારમાંથી ભૂસ્ખલનનો એક કંપાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં પહાડનો એક મોટો હિસ્સો ધરાશાયી થતાં એક બાઈક સવાર તે કાટમાળ સાથે નીચે ખીણમાં વહી જતો જોવા મળે છે. સદનસીબે તે બાઈક સવારનો આબાદ બચાવ થયો છે.

## મુંબઈમાં રાતભર ભારે વરસાદના કારણે અનેક વિસ્તારો જળમગ્ન

મુંબઈ

મુંબઈ અને તેના આસપાસના વિસ્તારોમાં રાતભર ભારે વરસાદને કારણે ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને અંધેરી, બાંદ્રા, ખાર, માલાડ, ગોરેગાંવ, જુહુ અને વર્સોવા જેવા વિસ્તારોમાં વરસાદની વ્યાપક અસર જોવા મળી રહી છે.વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પણ પાણી ભરાઈ જવાના કારણે વાહનોની ગતિ ધીમી પડી ગઈ હતી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, પૂર્વ અને પશ્ચિમ મુંબઈને જોડતા મુખ્ય માર્ગ એવા અંધેરી સબવેમાં ભારે પાણી ભરાઈ જતાં તેને વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. દર વર્ષે ચોમાસામાં અંધેરી સબવેમાં પાણી ભરાવા એ એક જૂની અને ગંભીર સમસ્યા રહી છે.શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે કોઈ પણ અપ્રિય ઘટના કે અકસ્માતને રોકવા માટે તંત્ર દ્વારા વહેલી સવારે ૧:૪૫ વાગ્યાથી જ અંધેરી સબવે ખાતે વાહનવ્યવહાર રોકી દેવાયો છે અને સબવેની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.



પ્રસિદ્ધ જગન્નાથ પુરીની સાથોસાથ અમદાવાદ ખાતે પણ રંગદર્શી જળયાત્રા સાથે રથયાત્રા મહોત્સવનો પ્રારંભ થયો છે.આ યાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# અફઘાનમાં પાકિસ્તાનની એર સ્ટ્રાઈક : ૩૫ આતંકીઓના મોત

## કરાચીમાં પાકિસ્તાન રેન્જર્સના મુખ્યાલય ઉપર હુમલો થયા બાદ પાકિસ્તાનનું ઓપરેશન મીડનાઈટ : સરહદ નજીકના આતંકી ઠેકાણાઓ નાશ કર્યાનો દાવો

નવી દિલ્હી

પાકિસ્તાને અફઘાનિસ્તાન સરહદ નજીક આવેલા વિસ્તારોમાં આતંકીઓ વિરુદ્ધ સૌથી મોટી લશ્કરી કાર્યવાહી શરૂ કરી છે. કરાચીમાં પાકિસ્તાન રેન્જર્સના મુખ્યાલય પર થયેલા આતંકી હુમલાના બરાબર એક દિવસ બાદ પાકિસ્તાની સેનાએ વળતો પ્રહાર કર્યો છે. ગુપ્ત માહિતીના આધારે શરૂ કરાયેલા આ ઓપરેશન અને હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં કુલ ૩૫ આતંકીઓ માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, શનિવારે પાકિસ્તાનના કરાચીમાં સ્થિત પાકિસ્તાન રેન્જર્સના મુખ્યાલય પર હથિયારો અને વિસ્ફોટકોથી સજ્જ આતંકીઓએ ઘૂસણખોરી કરીને હુમલો કર્યો હતો. જેમાં પાકિસ્તાની સેનાના ૩ સૈનિકો માર્યા ગયા હતા, જ્યારે વળતી કાર્યવાહીમાં ૩ આતંકીઓ પણ ઠાર થયા હતા. સેનાએ એક આતંકીની ઈજાગ્રસ્ત હાલતમાં ધરપકડ કરી છે જે અફઘાન નાગરિક હોવાનું સામે આવ્યું છે. આ હુમલાની જવાબદારી તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકી સંગઠન ‘જમાત-ઉલ-અહરર’ દ્વારા સ્વીકારવામાં આવી હતી.


પાકિસ્તાન દ્વારા સરહદી વિસ્તારોમાં એક જ મહિનાની અંદર કરવામાં આવેલો આ ચોથો મોટો હુમલો છે. આ અગાઉ ગત ૧૦મી જૂનના રોજ પણ પાકિસ્તાની સેનાના આવા જ એક હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. પાકિસ્તાને હવે અફઘાન સરહદે આતંકીઓના લોકેશન્સ શોધી-શોધીને તેને તોડી પાડવાનું અભિયાન તેજ કર્યું છે.

પાકિસ્તાનના માહિતી મંત્રી અત્તાઉલ્લાહ તરારએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ’ઠ’ પર આ સૈન્ય કાર્યવાહીની પુષ્ટિ કરતા લખ્યુ, ’દેશભરમાં સુરક્ષા દળો પર તાજેતરમાં થયેલા કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાઓના જવાબમાં આ કડક ઓપરેશન શરૂ કરાયું છે.

# તિરૂમાલામાં **કેશ** અર્પણ સાથે ભક્તિ અને સંસ્કારની અભિવ્યક્તિ કરતા અનંત અંબાણી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી અનંત અંબાણીએ રવિવારે વહેલી સવારે તિરુમલામાં ભગવાન શ્રી વેંકટેશ્વરના પવિત્ર ધામમાં દર્શન કરી પ્રાર્થના કરી અને પોતાની અતૂટ શ્રદ્ધા અને ભક્તિનો પુનઃ પ્રત્યય આપ્યો.

શ્રી અનંત અંબાણી રાત્રે આશરે ૧ વાગ્યે તિરુમલા પહોંચ્યા હતા અને તેમણે ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી પ્રત્યે સમર્પણ અને ભક્તિના પ્રતિકરૂપે પોતાની કેશ સમર્પિત કરવાની સદીઓ જૂની પરંપરાનું પાલન કર્યું. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ આ પવિત્ર પરંપરાનું અનુસરણ કરે છે.






તેમની આ મુલાકાત એ વાતનો સંદેશ આપે છે કે દુનિયા ભલે કેટલી પણ બદલાય, પરંતુ શ્રદ્ધા અને પોતાના મૂળ સંસ્કારો હંમેશા અડગ રહે છે.

આશરે સવારે ૩:૩૦ વાગ્યે શ્રી અનંત અંબાણીએ પવિત્ર સુપ્રભાત સેવામાં ભાગ લીધો, જે ભગવાનના પ્રાતઃકાળીન જાગરણનો વિધિપૂર્વકનો ધાર્મિક કાર્યક્રમ છે.

દર્શન બાદ મંદિરના વૈદિક પંડિતોએ તેમને વૈદિક આશીર્વાદ આપ્યા, જ્યારે તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)ના એક્ઝિક્યુટિવ ઓફિસરે તેમને પવિત્ર સ્મૃતિચિહ્ન અને પ્રસાદ અર્પણ કર્યો.







## સદીઓ જૂની પરંપરાને અનંત અંબાણી અનુસર્યા તેમજ પવિત્ર સુપ્રભાત સેવામાં પણ ભાગ લઈ ધન્યતા અનુભવી

CMYK

# ૨૦૩૦ સુધીમાં દેશમાં બાયોટેકનોલોજી અને બાયોમેન્યુફેક્ચરિંગનું હબ બનવાનું ગુજરાતનું લક્ષ્ય

## GRITના અહેવાલમાં ભારતની બાયોમેન્યુફેક્ચરિંગ ક્રાંતિનું નેતૃત્વ કરવા ગુજરાતનું વિઝન રજૂ થયું

ગાંધીનગર,

ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા અહેવાલ અનુસાર, ગુજરાત ૨૦૩૦ સુધીમાં કુશળ માનવબળ વિકાસ, વિશેષ શિક્ષણ અને ઉદ્યોગલક્ષી કૌશલ્ય નિર્માણ પર કેન્દ્રિત મહત્ત્વાકાંક્ષી વ્યૂહરચના ની મદદથી ભારતનું બાયોટેકનોલોજી અને બાયોમેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું અગ્રણી કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

'ગુજરાત બાયો-ઈકોનોમી ૨૦૩૦: સ્ટ્રેટેજિક સ્કિલ આર્કિટેક્ચર એન્ડ વર્કફોર્સ ડેવલપમેન્ટ' શિર્ષક ધરાવતા આ અહેવાલ અનુસાર, ભારતની બાયો-ઈકોનોમી ૨૦૧૪માં લગભગ ૧૦ અબજ ડૉલરથી વધીને ૨૦૨૪માં ૧૫૦ અબજ ડૉલરથી વધુ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારની BioE3 Policy (BiOechnology for Economy, Environment and Employment)ના સમર્થન સાથે દેશે દાયકાના અંત સુધીમાં ૩૦૦ અબજ ડૉલરની બાયો-ઈકોનોમીનું લક્ષ્ય નક્કી કર્યું છે, જેમાં ગુજરાતની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત આગામી વર્ષોમાં દેશના બાયો-ઈકોનોમી ક્ષેત્રમાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવવા માટે સજ્જ છે. ગુજરાત હાલમાં ભારતના કુલ ફાર્માસ્યુટિકલ ઉત્પાદનનો આશરે ૪૦ ટકા હિસ્સો ધરાવે છે તેમજ દેશના અગ્રણી કેમિકલ ઉત્પાદન કેન્દ્રોમાંનું એક છે.

ભારતનું વ્યૂહાત્મક લક્ષ્ય : ૩૦૦ અબજ ડૉલરની બાયો-ઈકોનોમી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની બાયો-ઈકોનોમીએ નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. ૨૦૧૪માં લગભગ ૧૦ અબજ ડૉલરથી વધીને ૨૦૨૪માં તે ૧૫૦ અબજ ડૉલરથી વધુ થઈ ગઈ છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૦૦ અબજ ડૉલરની બાયો-ઈકોનોમીનું રાષ્ટ્રીય લક્ષ્ય માત્ર મહત્ત્વાકાંક્ષા નથી, પરંતુ સ્થાનિક માંગ અને નિકાસની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલું આર્થિક આયોજન છે.

વૃદ્ધિને ગતિ આપતા મુખ્ય પેટા-ક્ષેત્રો આ મુજબ છેઃ

- બાયોફાર્મા (૩૫%) : રસી, થેરાપ્યુટિક્સ અને ડાયગ્નોસ્ટિક્સનું પ્રભુત્વ. ભારત વિશ્વભરમાં વિવિધ રસીઓની કુલ માંગના ૩૫ ટકાથી વધુ પુરવઠો સપ્લાય કરે છે. દ્બઈદ્બછ અને વાયરલ વેક્ટર જેવી નવી ટેક્નોલોજીના વિકાસ સાથે આ ક્ષમતા વધુ વિસ્તરવાની શક્યતા છે.
- બાયો-ઈન્ડસ્ટ્રીયલ (૪૭%) : ઈથેનોલ મિશ્રણ (૨૦ ટકાનું લક્ષ્ય સમય પહેલાં હાંસલ) અને બાયો આધારિત રસાયણોના વધતા ઉપયોગને કારણે ફર્મેન્ટેશન ટેક્નોલોજીના નિષ્ણાતોની માંગમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.
- બાયો-એગ્રીકલ્ચર (૮%) : આબોહવા પરિવર્તનથી ખાદ્ય સુરક્ષાને પડકાર ઊભા થતાં CRISPR આધારિત પાક અને બાયો-ફર્ટિલાઇઝર જેવી ટેક્નોલોજી હવે પ્રયોગશાળાથી ખેતર સુધી પહોંચી રહી છે.

# ગુજરાતમાં હવે દીકરીઓ પણ બિયર-ઈ સિગારેટ પીવે છે : સાંસદ મનસુખ વસાવા

## નર્મદામાં ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ યુવાધનના વ્યસન, શિક્ષણ અને રાજકારણ પર પ્રહારો કર્યા

અમદાવાદ,

નર્મદા જિલ્લાને વિકસિત બનાવવાના આશય સાથે શરૂ કરાયેલી 'નર્મદા આદર્શ ગામ વિકાસ સમિતિ'ના એક બિન-રાજકીય મંચ પરથી ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ યુવાધનના વ્યસન, શિક્ષણ અને રાજકારણ પર ખુલ્લેઆમ પ્રહારો કર્યા છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ મનસુખ વસાવાએ સભામાં યુવાનોમાં વધતા જતા નશાના ચલણ પર અત્યંત ચિંતાજનક અને ચોંકાવનારા



નિવેદનો આપતા દાવો કર્યો કે-

હવે માત્ર છોકરા જ નહીં, ગુજરાતમાં દીકરીઓ પણ બિયર અને ઈ-સિગારેટ પીવા લાગી છે. કોલેજમાં જનારી દીકરીઓ જન્મદિવસની પાર્ટીઓમાં બિયર પીવે છે. આપણે સ્ટાર બેન્ડ લાવીને લોકોને દારૂ નથી પીવડાવવાનો, અમારે દીકરા-દીકરીઓને આગળ લાવવાના છે. સ્ટાર બેન્ડમાં 'અબબબબ' કરવામાં વસાવા અને રાઠવા સમાજના યુવાનો પાછળ રહી જાય છે.

SOU (સ્ટેચ્યુ ઓફ યુનિટી)માં કેમ નથી મળતી નોકરી?:

સાંસદે કડવું સત્ય સ્વીકારતા કહ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં મુખ્ય હોદ્દાઓ પર સ્થાનિક આદિવાસી યુવાનો કેમ નથી? કારણ કે આદિવાસી વિદ્યાર્થીઓએ એ પ્રકારનું ઉચ્ચ શિક્ષણ જ નથી લીધું, જેના કારણે નર્મદા જિલ્લાનો યુવાન પાછળ રહી જાય છે.

# એક્સપ્રેસવે પર દોડતી GSRTC વોલ્વો બસના ભાડામાં થયો ઘટાડો

ગાંધીનગર/અમદાવાદ,

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) ની બસોના અમુક રૂટના ભાડામાં થયો ઘટાડો,અમદાવાદ-ધોલેરા અને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર નવી એરકંડીશન્ડ એસી બસ સેવા શરૂ કરી છે. જેમાં મુસાફરીનો સમય અને ભાડું ઘટાડાયું છે અને સમગ્ર રાજ્યના મુસાફરી માટે કનેક્ટીવિટી વધુ શ્રેષ્ઠ અને આરામદાયક બની છે. નવી સેવાઓ હેઠળ, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે દ્વારા હવે અમદાવાદ અને ભાવનગર વચ્ચે પ્રીમિયમ એસી બસો દોડાવવામાં આવી રહી છે. હાલમાં આ રૂટ પર દૈનિક ૨૪ ટ્રીપ છે, અને ભાડું ઘટાડીને ?૩૩૬ કરવામાં આવ્યું છે.

ગુજરાતના એક્સપ્રેસવે નેટવર્ક પર સેવાઓના વિસ્તરણ સાથે, રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય શહેરી મુસાફરીને ઝડપી, સલામત અને સસ્તી બનાવવાનો છે, સાથે સાથે જાહેર પરિવહનના વધુ ઉપયોગને પણ પ્રોત્સાહન આપવાનો છે.

તેવી જ રીતે, અમદાવાદ અને સુરત વચ્ચે નોન-સ્ટોપ વોલ્વો સેવાઓ હવે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે દ્વારા કાર્યરત છે. ભાડું ઘટાડીને ?૬૮૭ કરવામાં આવ્યું છે, જેનાથી મુસાફરો ?૬૧ સુધીની બચત કરી શકશે અને ઝડપી મુસાફરીનો આનંદ માણી શકશે. મુસાફરોએ એસટી નિગમના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે, અને કહ્યું છે કે ઓછા ભાડા અને સુધારેલી કનેક્ટિવિટીએ જાહેર પરિવહનને વધુ આકર્ષક અને સસ્તું બનાવ્યું છે.

પ્જીઇ્ઝ ની એસી બસોમાં મુસાફરોને આરામ અને સુરક્ષા માટે વધુ જગ્યા ધરાવતી સીટો, પગ રાખવા માટે જગ્યા, ઝઝ્ર્ફ કેમેરા, ફાયર એલાર્મ અને મુસાફરોના આરામ અને સલામતી માટે અદ્યતન મોનિટરિંગ સિસ્ટમ જેવી સુવિધાઓથી સજ્જ છે.

# ઈ-બસ માત્ર પર્યાવરણને જ અનુકૂળ નથી, પરંતુ મુસાફરોની સુરક્ષા અને સવલતની દ્રષ્ટિએ પણ બેજોડ

## ગાંધીનગરના આંગણે પર્યાવરણ-મૈત્રી પરિવહનનો નવો સૂર્યોદયઃ શરૂ થઈ પીએમ ઈ બસ સેવા

ગાંધીનગર,

ગાંધીનગર સ્માર્ટ સિટી બનવા તરફ વધુ એક ઐતિહાસિક કદમ ભરી રહ્યું છે. દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ શરૂ કરાયેલી 'PM-eBus Sewa' યોજના અંતર્ગત હવે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આધુનિક, સ્વચ્છ અને ગ્રીન પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓનો દબદબાભેર શુભારંભ થઈ ચૂક્યો છે. સમગ્ર દેશના શહેરી વિસ્તારોમાં પ્રદૂષણમુક્ત અને સુગમ વાહનવ્યવહાર પૂરો પાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૭,૬૧૩ કરોડના કુલ અંદાજિત ખર્ચ સાથે આ યોજના અમલમાં મૂકાઈ છે, જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. ૨૦,૦૦૦ કરોડનો છે.

Public-Private Partnership એટલે કે મોડેલ પર આધારિત આ મહત્ત્વાકાંક્ષી અભિયાન હેઠળ સમગ્ર દેશમાં ૧૦,૦૦૦ ઈલેક્ટ્રિક બસો તૈનાત કરવાનું લક્ષ્ય છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર શહેરને કુલ ૧૦૦ ઈલેક્ટ્રિક મિડી બસોની ફાળવણી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્થાપિત Gandhinagar Greenline Transport Service Limited -GGTSL મારફતે આ યોજનાનું સફળ અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે, જેના પ્રથમ તબક્કા તરીકે ૪૦ આધુનિક એ.સી. ઈ-બસોને લીલી ઝંડી આપીને નિયમિત રૂટો પર કાર્યરત કરવામાં આવી છે.

નાગરિકોની સેવામાં ઉમેરવામાં આવેલી આ નવી ઈ-બસો માત્ર પર્યાવરણને જ અનુકૂળ નથી, પરંતુ મુસાફરોની સુરક્ષા અને સવલતની દ્રષ્ટિએ પણ બેજોડ છે. ૯ મીટર લાંબી આ સંપૂર્ણ એર-કન્ડિશન્ડ મિડી બસોમાં ૨૫ મુસાફરોની બેઠક ક્ષમતા ઉપરાંત ૧૩ મુસાફરો ઉભા રહે એ માટે આરામદાયક સુવિધા ઉપલબ્ધ છે. ખાસ કરીને દિવ્યાંગ નાગરિકો માટે બસમાં હાઈડ્રોલિક રેમ્પ/પ્લેટફોર્મ સહિતની સંપૂર્ણ અક્સેસિબિલિટી સુવિધા આપવામાં આવી છે. આ સાથે જ મહિલા મુસાફરો માટે ૪ બેઠકો અને વરિષ્ઠ નાગરિકો માટે પણ ૪ બેઠકો અનામત રાખવામાં આવી છે. 'ડિજિટલ ઈન્ડિયા'ના સ્વપ્નને સાકાર કરવાના એક નક્કર પગલાંરૂપે તમામ બસોમાં Electronic Tickaing Machine - ETM સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનાથી મુસાફરો ઊઇ કોડ, UPI અને અન્ય ડિજિટલ-કેશલેસ માધ્યમો દ્વારા સરળતાથી ભાડાની ચૂકવણી કરી શકશે.

# રાજ્યવ્યાપી પલ્સ પોલિયો અભિયાનનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો

## રાજ્યના ૦ થી ૫ વર્ષના ૮૩.૪૯ લાખ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવાશે

ગાંધીનગર,

બાળલકવા નાબૂદી માટે "પલ્સ પોલિયો અભિયાન" અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે બાળકોને પોલિયો રસી ના ટીપાં પીવડાવીને પોલિયો વિરોધી રસીકરણનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

આ અભિયાન અંતર્ગત રાજ્યના ૦ થી ૫ વર્ષની વય જૂથના ૮૩ લાખ ૪૯ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે.

આ હેતુસર રાજ્યભરમાં ૩૨,૯૯૭ પોલિયો બુથ પરથી આરોગ્ય વિભાગના ૬,૫૯૯ સુપરવાઈઝર્સના માર્ગદર્શનમાં કુલ ૬૫,૯૯૪ આરોગ્ય ટીમ બાળકોને ટીપાં પીવડાવવાની કામગીરીમાં જોડાશે.

૨૮ જૂન ૨૦૨૬ના રવિવારને પોલિયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે એટલું જ નહિ તારીખ ૨૯ અને ૩૦ જૂનના દિવસોએ આરોગ્ય કર્મીઓ હાઉસ ટુ હાઉસ ફરીને ૦ થી ૫ વર્ષના ભૂલકાઓને પોલિયો ટીપાં પીવડાવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરિયા ની ઉપસ્થિતિ માં ભૂલકાઓને પોલિયો રસીના ટીપાં પીવડાવી આ અભિયાનનો પ્રતિકાત્મક પ્રારંભ.

# સુરતના ભેસ્તાન ખાતે 'ડો.શ્યામા પ્રસાદ મુખરજી ઓક્સિજન પાર્ક' ખાતે મેગા વૃક્ષારોપણ અભિયાન

## મિયાવાંકી પદ્ધતિથી ૨૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું

સુરત,

પર્યાવરણની જાળવણી અને ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્ય સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત વૃક્ષારોપણ મહાઅભિયાન અંતર્ગત ભેસ્તાન-ડિંડોલી ખાતે મેયર શ્રીમતી માયાબેન માવાણીની પ્રેરક ઉપસ્થિતિમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી 'ડો.શ્યામા પ્રસાદ મુખરજી ઓક્સિજન પાર્ક'માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ વૃક્ષારોપણ મહાઅભિયાનની સ્મરણ તકતીનું વિધિવત અનાવરણ કરીને આ આધુનિક ઓક્સિજન પાર્ક જનતાને સમર્પિત કર્યો હતો.

આ અવસરે મંત્રીએ કહ્યું હતું કે, પ્રકૃતિનું સંવર્ધન એ માત્ર આજની જરૂરિયાત નથી, પરંતુ આવનારી પેઢીઓ પ્રત્યેની આપણી નૈતિક જવાબદારી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના 'એક પેડ મા કે નામ' અભિયાનથી પ્રેરિત થઈ મહાઅભિયાનને સફળ બનાવવા માટે યોગદાન આપનારા સૌ કોઈને અભિનંદન પાઠવ્યા હતા.

આ પાર્કમાં જાપાનીઝ મિયાવાંકી પદ્ધતિનો ઉપયોગ કરીને ખૂબ જ ટૂંકા ગાળામાં ગીચ વન તૈયાર કરવા ૪૦થી વધુ સ્થાનિક પ્રજાતિના ૨૫ હજારથી રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ધારાસભ્ય સવશ્રી મનુભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, પ્રવિણભાઈ ઘોઘારી, ડે. મેયરશ્રી સુધાકર ચૌધરી, સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજનભાઈ પટેલ, શાસક પક્ષના નેતા શ્રીમતી અલ્પાબેન મેહતા અને દંડક શ્રીમતી ઉર્મિલાબેન ત્રિપાઠી, શહેર સંગઠન અધ્યક્ષ પરેશભાઈ પટેલ, કોર્પોરેટરો, મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ, પર્યાવરણ પ્રેમીઓ, નેચર કલબ સુરત, ગ્રીન આર્મી ચેરિટેબલ ટ્રસ્ટ અને સુરત વન ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# એક કરોડ ઉપરાંતની છેતરપિંડીના કેસમા છેલ્લા છ વર્ષથી ફરાર શખ્સ ઝડપાયો

## પાણીગેટ પોલીસે મહારાષ્ટ્રમાંથી શખ્સને ઝડપી લીધો

અમદાવાદ,

પાણીગેટ પોલીસે ૬ વર્ષ અગાઉ નોંધાયેલા ૧.૦૩ કરોડની છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપી અનિલ રાજદયાલ રાયને મહારાષ્ટ્રથી ઝડપી પાડ્યો છે. નવાપુરાના સ્ટીલ વેપારી રમેશભાઈ બોકડીયા પાસેથી ૨૦૧૮માં અનિલે ૧.૨૪ કરોડનો માલ લીધો હતો, જેના ૧.૦૩ કરોડ ચૂકવવાના બાકી હતા. એલ.સી.બી. ઝોન-૩ ટીમે આરોપીને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.છ વર્ષ અગાઉ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડયો છે.

નવાપુરા આર.વી.દેસાઈ રોડ પર જવાહર સોસાયટીમાં રહેતા રમેશભાઈ સોહનરાજ બોકડીયા સ્ટીલનો વેપાર કરે છે.જાન્યુઆરી ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૮ દરમિયાન આરોપી અનિલ રાજદયાલ રાય (રહે.એમ.આઈ.ડી. વાલુજ, ઔરંગાબાદ, મહારાષ્ટ્ર) દ્વારા ૧.૨૪ કરોડનો માલ લેવામાં આવ્યો હતો.તે પૈકી ૧.૦૩ કરોડ રૂપિયા હજી ચૂકવવાના બાકી છે. ડિસેમ્બર - ૨૦૨૦ માં નોંધાયેલા આ ગુનામાં નાસતા ફરતા આરોપી અનિલને એલ.સી.બી. ઝોન - ૩ ની ટીમે મહારાષ્ટ્રથી ઝડપી પાડયો છે.

# અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ચેઈન સ્નેચિંગના ગુનાઓનો પર્દાફાશ કરી બે આરોપીને ઝડપી પાડ્યા

## ગુજરાતમાં કુલ ૪૭ જેટલા ચેઈન સ્નેચિંગના ગુનાઓનો ભેદ ઉકેલાયો

અરવલ્લી,

જિલ્લા એલસીબી પોલીસની ટીમે ચેઈન સ્નેચિંગના ગુનાઓનો પર્દાફાશ કરતા બે આરોપીને ઝડપી પાડ્યા છે. આ બે આરોપીઓ પાસેથી અરવલ્લી જિલ્લાના બે ગુના સહિત રાજ્યમાં ૪૭ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

આરોપીઓ સમગ્ર ગુજરાતમાં મહિલા સાગરીતની મદદથી રિક્ષામાં મુસાફરી કરતી મહિલાઓ સાથે વાતચીત કરી સ્નેહ કેળવતા અને ત્યારબાદ અન્ય સાગરીતો દ્વારા મહિલાઓના ગળામાંથી સોનાની ચેઈન સ્નેચિંગની ઘટનાઓને અંજામ આપતા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

અરવલ્લી જિલ્લા ન્ઝ્રમ્ની ટીમ ચેઈન સ્નેચિંગના ગુનાઓની તપાસમાં હતી ત્યારે મોડાસાની ગુલબર્ગ હોટલ નજીક બે શંકાસ્પદ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસની વિશેષ પૂછપરછ દરમિયાન આરોપીઓએ ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તાર અને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફેબ્રુઆરી માસ દરમિયાન થયેલા બે ચેઈન સ્નેચિંગના ગુનાઓ કબુલ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી અંદાજે રૂ. ૯૭,૬૦૦ કિંમતની સોનાની ચેઈન કબજે કરી છે. પોલીસે સલમાન પઠાણ (રહે. મહેમદાવાદ) અને વિક્રમ દાંતાણી (રહે. મહેમદાવાદ)ની ધરપકડ કરી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, પકડાયેલા બંને આરોપીઓએ સમગ્ર ગુજરાતમાં કુલ ૪૭ જેટલા ચેઈન સ્નેચિંગના ગુનાઓ આચર્યા છે. જ્યારે આશા દેવીપૂજક અને શાહરૂખ મલેક નામના બે અન્ય આરોપીઓ હાલ ફરાર છે, જેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. સમગ્ર મામલે અરવલ્લી જિલ્લા એલસીબી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, ટેકનિકલ એનાલિસિસ, CCTV ફૂટેજ અને ગુપ્ત માહિતીના આધારે મોડાસાના કોલેજ રોડ પરથી સલમાન પઠાણ અને વિક્રમ દંતાણીને ઝડપી પાડવામાં આવ્યા છે.

# ગરબા એ આસ્થા, સંસ્કૃતિ અને સામૂહિક ઓળખની જીવંત અભિવ્યક્તિ : ત્વિષા વ્યાસ

## કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત સંગીત નાટક અકાદમીના ઉસ્તાદ બિસ્મિલ્લાખાં રાષ્ટ્રીય યુવા પુરસ્કાર માટે ત્વિષા વ્યાસની પસંદગી

ગાંધીનગર,

દક્ષિણ ગુજરાતનું નગર બારડોલી... જ્યા સાંજ ઢળતા જ ગરબાના તાલ ગુંજે છે. અહીં એક તાલીમ કેન્દ્રમાં યુવા દીકરીઓ ગરબા શીખી રહી છે. દીકરીઓને એક યુવા કલાકાર ધીરજપૂર્વક ગરબામાં દરેક હાવભાવ, દરેક તાલ અને દરેક પગલાની બારીકીઓ સમજાવે છે.આ યુવા કલાકારનું નામ છે. -સુશ્રી ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસ.

લોકનૃત્ય 'ગરબા' ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૫ના 'ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાં યુવા રાષ્ટ્રીય પુરસ્કાર'માટે શ્રી ત્વિષા વ્યાસની પસંદગી થઈ છે.

ત્વિષા વ્યાસને આ સન્માન એવા સમયે મળ્યું છે જ્યારે થોડાં વર્ષો પહેલાં જ યુનેસ્કોએ ગુજરાતના પરંપરાગત ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન આપ્યું.

બારડોલી ખાતે વી.કિલ્લોલકુમાર ગ્રુપ ઓફ મ્યુઝિક્ & નૃત્ય એકેડેમી ધરાવતા શ્રી ત્વિષા વ્યાસના મત મુજબ "ગરબા એ આસ્થા, સંસ્કૃતિ અને સામૂહિક ઓળખની જીવંત અભિવ્યક્તિ છે." ત્વિષા વ્યાસની આ જ વિચારધારા તેમની કલાયાત્રાનો આધાર બની. મોટા ભાગના લોકો માટે લોકનૃત્ય સ્વરૂપે ગરબા શીખે છે, ત્યારે ત્વિષા વ્યાસએ ગરબાના મૂળ સ્વરૂપ, પરંપરા, આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક અર્થને સમજવા માટે સાધના કરી.

ત્વિષા વ્યાસ : ગરબા સાથે અંગ્રેજી સાહિત્ય અને સંગીત-નૃત્યમાં ખેડાણ

ત્વિષા વ્યાસની ઓળખ માત્ર લોકનૃત્ય સુધી મર્યાદિત નથી. તેઓએ અંગ્રેજી સાહિત્યમાં અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. સાથોસાથ તેઓ સારા વાયોલિન વાદક પણ છે.ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, શ્રી રામનાથ કોવિંદજી, શ્રી આનંદજી કલ્યાણ સમક્ષ વાયોલિન વાદન કરી ચૂક્યા છે. તેઓ માસ્ટર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ M.P.A તથા ભરતનાટ્યમમાં M.A - 'અલંકાર' ગોલ્ડ મેડાલિસ્ટ છે.

# ગુજરાતમાં હવે ગર્ભાવસ્થાથી કિશોરાવસ્થા સુધી દરેક બાળક પર રહેશે પીએમ -એફસીટીની નજર

## રાજય સરકારની આરોગ્યક્ષેત્રે નવી પહેલ : માતૃત્વ અને બાળ વિકાસનું ડિજિટલ સુરક્ષા કવચ 'પીએમ - ફેમિલી કેર ટ્રેકર' પાયલોટ પ્રોજેકટ

ગાંધીનગર,

દેશના બાળકો અને માતાઓના સર્વાંગી ઉત્થાન માટે ભારત સરકારે એક મોટી ડિજિટલ છલાંગ લગાવી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં 'પીએમ - ફેમિલી કેર ટ્રેકર' નામનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ એક એવું સંકલિત ડેટા-આધારિત ડિજિટલ પ્લેટફોર્મ છે, જે ગર્ભવતી મહિલાઓ, ધાત્રી માતાઓ અને જન્મથી લઈને ૧૮ વર્ષની વય સુધીના બાળકોના આરોગ્ય, શિક્ષણ અને પોષણના પરિણામોમાં આમૂલ પરિવર્તન આવશે.

અત્યાર સુધી વહીવટી તંત્રમાં અલગ-અલગ યોજનાઓ સ્વતંત્ર રીતે ચાલતી હતી પરંતુ પીએમ-એફસીટીનો મુખ્ય હેતુ ઁઝ્રછજી, ઈઝ્રઁ, પોષણ અભિયાન અને શાળા આરોગ્ય કાર્યક્રમો જેવી વિખરાયેલી યોજનાઓના ડેટાનું એકીકરણ કરીને એક મજબૂત ડિજિટલ ઈકોસિસ્ટમ ઊભી કરવાનો છે. આ સિસ્ટમ હેઠળ દરેક લાભાર્થીને એક વિશિષ્ટ ડિજિટલ ઓળખ ફાળવીને ગર્ભાવસ્થા થી લઈને કિશોરાવસ્થા સુધી તેમની સતત દેખરેખ સુનિશ્ચિત કરવામાં આવશે. આનાથી લાભાર્થીના સ્વાસ્થ્ય, શિક્ષણ અને પોષણની સ્થિતિનો ૩૬૦-ડિગ્રી વ્યુ મળશે, જેથી કોઈ પણ પાત્ર વ્યક્તિ સરકારી લાભોથી વંચિત ન રહી જાય.

ગુજરાત સરકારના ત્રણ મહત્વના વિભાગો પોતાના લાભાર્થીઓનું ટ્રેકિંગ અલગ-અલગ આઈડી દ્વારા કરતા હતા. મહિલા અને બાળ વિકાસ વિભાગ આધાર નંબર / પોષણ ટ્રેકર ID, આરોગ્ય વિભાગ TeCHO+ સિસ્ટમમાં TeCHO ID અને શિક્ષણ વિભાગ ઝ્રજી સિસ્ટમમાં CTS ID દ્વારા લાભાર્થીઓના ડેટાનુ ટ્રેકિંગ કરતા હતા. હવે આ ત્રણેય પ્રણાલીઓ વચ્ચે પરસ્પર ડેટા શેરિંગ સરળ બનાવવા માટે જન્મ પ્રમાણપત્ર નંબર અથવા ABHA IDને એકમાત્ર અનન્ય ઓળખકર્તા તરીકે સ્વીકારવામાં આવ્યો છે. ત્રણેય સિસ્ટમમાં BRN સીડિંગની સુવિધા ઉપલબ્ધ કરાતાં જન્મેલા બાળકના સમગ્ર જીવનચક્રનું ટ્રેકિંગ સરળ બનશે.




# મધ્ય ગુજરાત

# 29th | 30th JUNE 2026

# ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

## કેન્દ્રિત ક્ષેત્રો

- સેમિકંડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ
- કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- ઑટો અને ઑટો કોમ્પોનન્ટ્સ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- એરોસ્પેસ અને ડિફેન્સ
- ટુરિઝમ અને કલ્ચર
- સ્ટાર્ટઅપ્સ અને MSMEs
- IT અને ITeS
- બાયોટેક
- ફાર્માસ્યુટિકલ્સ
- ફિનટેક
- કૌશલ્ય વિકાસ
- એજ્યુકેશન

## કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્ઘાટન સમારોહ
- પેનલ ચર્ચાઓ
- B2B/B2G મીટિંગ્સ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- રિવર્સ બાયર-સેલર મીટ
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ઉદ્યમી મેળો
- સમાપન સત્ર
- પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
- ટ્રેડ શો/પ્રદર્શન

ભવ્ય ઉદ્‌ઘાટન
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી મનોહર લાલ

માનનીય કેન્દ્રીય મંત્રી, વિદ્યુત, આવાસ અને શહેરી બાબતો, ભારત સરકાર

## શ્રી હર્ષ સંઘવી

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

29 જૂન 2026, સોમવાર | સવારે 10:30 વાગે
GSFC યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત

**"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."**
**- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

**વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન** | 29 જૂન થી 3 જુલાઈ, 2026 | સવારે 10:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, UAE, Ukraine

ભાગીદાર સંસ્થાઓ: JETRO Japan External Trade Organization, US-INDIA, Trade Representation of the Russian Federation, AMCHAM INDIA, FEBI, IICCI, FINCHAM INDIA Finland Chamber of Commerce in India, kotra Korea Trade-Investment Promotion Agency, icbc Indo Canadian Business Chamber, U.S.-India Business Council, UIBC, ACMA

લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

લાઇવ પ્રસારણ: CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat | vibrantgujarat | vibrantgujarat | vibrant_gujarat | vibrantgujarat

## સૌરાષ્ટ્ર આસપાસ

# સક્રિય થયેલા ચોમાસાની નવી ચાલ

અનેક રાજ્યોમાં ચોમાસું સક્રિય થઈ ચૂક્યું છે બીજી બાજુ બીજા રાજ્યો એવા છે જ્યાં હજી વાદળા પણ બંધાયા નથી. ચોમાસાની આ નવી ચાલ, અર્થતંત્ર પર પ્રભાવ પાડે છે. બીજી બાજુ જે રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે ત્યાં વહીવટી તંત્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ને સક્રિય કરી રહ્યું છે. જે રાજ્યોમાં હજુ વરસાદના સંકેત નથી તે રાજ્યો માટે સરકાર થોભો અને રાહ જોવાની નીતિ અપનાવી રહી છે.દેશના આજના મુખ્ય સમાચારોમાં સૌથી વધુ ધ્યાન ખેંચતો વિષય દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિ, તેના કારણે ઊભી થયેલી પાણીની સ્થિતિ અને તેની સીધી અસર દેશના અર્થતંત્ર પર છે. હવામાન વિભાગે અનેક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરી છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં હજુ પણ વરસાદની અનિયમિતતા ચિંતાજનક બની રહી છે. એક તરફ ગુજરાત, કેરળ, કર્ણાટક અને ઓડિશા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદનું એલર્ટ છે, તો બીજી તરફ કેટલાક કૃષિપ્રધાન પ્રદેશોમાં વરસાદના વિલંબને કારણે વાવેતર અને પાક ઉત્પાદન અંગે અનિશ્ચિતતા યથાવત્ છે.ભારતનું અર્થતંત્ર આજે પણ કૃષિ સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ચોમાસું માત્ર ખેડૂતો માટે જ નહીં પરંતુ મોંઘવારી, રોજગારી, ઔદ્યોગિક ઉત્પાદન, વીજ ઉત્પાદન અને સમગ્ર બજાર વ્યવસ્થાને અસર કરે છે. વરસાદ સમયસર અને સંતુલિત રહે તો ગ્રામ્ય અર્થવ્યવસ્થા મજબૂત બને છે, ગ્રાહકોની ખરીદશક્તિ વધે છે અને દેશના વિકાસદરને પણ બળ મળે છે. પરંતુ વરસાદમાં અનિશ્ચિતતા ઊભી થાય ત્યારે તેની અસર માત્ર ખેતરો પૂરતી મર્યાદિત રહેતી નથી; શહેરો, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકોના જીવન સુધી તેની અસર પહોંચે છે.આ વર્ષે સૌથી મોટો પડકાર એ છે કે વરસાદનું વિતરણ સમાન નથી. ક્યાંક અતિભારે વરસાદથી પૂર જેવી સ્થિતિ ઊભી થાય છે, તો ક્યાંક લાંબા સમય સુધી વરસાદ ન પડતાં જળાશયો ખાલી રહે છે. આ પ્રકારની અસમાનતા દર્શાવે છે કે હવે માત્ર કુલ વરસાદના આંકડા પૂરતા નથી, પરંતુ વરસાદનું વિતરણ અને પાણીનું વૈજ્ઞાનિક સંચાલન વધુ મહત્વનું બની ગયું છે. હવામાન પરિવર્તનની અસર હવે સ્પષ્ટ રીતે અનુભવાઈ રહી છે અને તેની સામે પરંપરાગત વિચારસરણીથી કામ ચાલવાનું નથી.સંપાદકીય દૃષ્ટિએ જોવામાં આવે તો દેશ માટે આ પરિસ્થિતિ એક ચેતવણી સમાન છે. માત્ર વરસાદની રાહ જોવાને બદલે પાણીના સંગ્રહ, ભૂગર્ભ જળના સંરક્ષણ, નદીઓના પુનર્જીવન અને વરસાદી પાણીના સંચયને રાષ્ટ્રીય અભિયાનનું સ્વરૂપ આપવાની જરૂર છે. વિકાસનો અર્થ માત્ર નવા રસ્તા અને ઇમારતો નથી; પાણી જેવી મૂળભૂત સંપત્તિનું ટકાઉ સંચાલન પણ વિકાસનો અગત્યનો ભાગ છે.વિવિધ અખબારોના સંપાદકીય અભિપ્રાયોમાં પણ એક સામાન્ય ભાવ જોવા મળે છે કે ભારતે હવે હવામાન પરિવર્તનને ભવિષ્યની સમસ્યા તરીકે નહીં પરંતુ વર્તમાનની વાસ્તવિકતા તરીકે સ્વીકારવું પડશે. વરસાદના બદલાતા સ્વરૂપને ધ્યાનમાં રાખીને કૃષિ નીતિ, વીમા યોજના, જળસંચય અને આપત્તિ વ્યવસ્થાપનને વધુ આધુનિક અને વૈજ્ઞાનિક બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. સાથે સાથે ખેડૂતોને હવામાન આધારિત સલાહ, નવી ટેક્નોલોજી અને વૈકલ્પિક પાક પદ્ધતિઓ ઉપલબ્ધ કરાવવાની માંગ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સહજીવન સ્વાસ્થ્ય વર્ધક અને તણાવ મૂકત રહેવાનો રાજમાર્ગ બને છે

**વિકાસ અને વિકલ્પ**

-ડૉ. નાનક ભટ્ટ

સિગ્મન્ડ ફ્રોઈડ નામના માનસશાસ્ત્રીએ જગતના વિકાસ ક્રમને કામ (સેકસ) સાથે જોડી ઉત્ક્રાંતિ અને માનવ વર્તનને સમજવાનો પ્રયત્ન કર્યો.

પૃથ્વી ઉપર જીવિત પ્રાણી જગતમાં મનુષ્યને બાદ કરતાં જીવ સૃષ્ટિના તમામ એકમો હજુ પણ ભયથી બચાવ, ભુખ માટે સંઘર્ષ અને વંશ વૃદ્ધિ માટે સમૂહ સાથે જોડાવા સિવાય કશો ઉદ્દેશ દાખવતા નથી. વિકાસ ક્રમે માણસને વિકસિત મગજ આપ્યું. સાથો-સાથ તર્ક અનુસંધાન અને આનંદની અનુભૂતિનાં કેન્દ્રો આપ્યા. આથી મનુષ્યએ આનંદિત રહેવાની અનેક રીતો શોધી કાઢી છે. કામ એ માનવ શરીર અને બુદ્ધિને આનંદિત રાખવા સાથે તણાવ મૂકત થવા માટેની શ્રેષ્ઠ પ્રક્રિયા છે. આપણા શાસ્ત્રોએ પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેવી સ્થિતિ દર્શાવી માનવ જીવનને વધુ બળવત્તર અને સમૃદ્ધ બનાવવા પ્રયાસ કર્યો છે.

સ્ત્રીની ઉંમર ૧૩ વર્ષની થાય અને પુરુષની ઉંમર ૧૮ વર્ષની થાય તે પછી તેમના શરીરમાં આવતા રાસાયણિક ફેરફારો સાથે કામ એક રુચિ તરીકે ઊભરી આવે છે. શરીરના કામજન્ય સમન્વયથી પ્રજોત્પતિનો હેતુ પ્રાકૃતિક રીતે સધાય છે. પરંતુ બદલાતા સામાજિક પરિવેશમાં હવે કામજન્ય સ્થિતિને વિશેષ રીતે આનંદ સાથે જોડી દેવાની ઘેલછા વધી છે. એક વિષય તરીકે કામુકતા જગાવતી વાતો, તસવીરો અને નૃત્યો રજૂ કરી કેટલાક લોકો ઊંચી કમાણી કરી રહ્યા છે. શરીરમાં ઉત્તેજના પ્રેરી શકે તેવાં માદક દ્રવ્યો લઈ શરીરના આનંદમાં વધારો કરતા રહેવાની. સ્ટ્રેસ ફ્રી થવાની વૃત્તિ આજકાલ પ્રચલિત બની છે.

પ્રાચીનકાળમાં કામવૃત્તિનો ઉદ્દેશ વંશવૃદ્ધિ સાથે જોડાયેલો હતો, મધ્યકાલીન યુગમાં તેજસ્વી પ્રજાના નિર્માણ સાથે કામ પ્રવૃત્તિને જોડવાનો વિચાર આકાર પામ્યો હતો. પણ અર્વાચીન યુગમાં કામ આનંદ અને તનાવ મુક્તિ સાથે જોડાયો છે. જો કે કામનાનો સુવિકસિત વિચાર અકાળે મૃત્યુ પામ્યો હોઈ કામના વિકાસનો ખ્યાલ આધુનિક ભારત માં વિકસતા અટકી ગયો છે.

...આર્યો પહેલાંનાં સમયમાં કામ (સેકસ)એ તાંત્રિક સાધનાનો પ્રકાર હતો. પરંતુ શંકરાચાર્યજીએ તાંત્રિકો અને કર્મકાંડીઓના સકંજામાંથી સમાજને મુક્તિ અપાવવા વૈદિક ધર્મનો વિચાર આવ્યો. પોતાના વિચારને દઢીભૂત કરવા પણ સમયની માંગ અનુસાર બ્રહ્મચર્યને અનુસરતા સન્યાસીઓની પ્રતિષ્ઠિત પરંપરા રચી. આથી ગૃહસ્થી લોકો બીજા સ્તરના નાગરિકો ગણાયા. પરંતુ રાજ્ય વ્યવસ્થા જેમ બળવત્તર બની તેમ રાજાઓ પ્રથમ સ્તરના નાગીરકની રૂએ કામ જીવનનો આનંદ લેતા, અનેક પત્નીઓ રાખતા અને ગૌરવ અનુભવતા. પરિણામે સ્થાપત્યમાં કોણાર્ક અને ખજુરાહો રચાયાં. રાગમાં બહાર અને આશાવરી રચાયા, રસમાં શ્રૃંગાર અને મુદ્રાઓમાં આસનો જાણીતાં થયાં. પરંતુ આ બધું એક ખાસ વર્ગ માટે રહ્યું હતું.અને અંગ્રેજકાળમાં સૈનિકોના મનોરંજન માટે સ્ત્રીદેહનું જાહેર પ્રદર્શન, ગુલામ સ્ત્રીઓ સાથે મૂક્ત આચાર નામે જાતીય શોષણ થવા લાગતાં કામ અધિકાર સ્વરૂપે જન સામાન્ય સુધી ફેલાયુ. જોકે પોતાને સંસ્કારી ગણાવતા મધ્યમવર્ગ અને ગરીબ લોકો માટે તો કામ આજે પણ વંશવૃદ્ધિ માટેની પ્રવૃત્તિથી કંઈ વિશેષ નથી રહ્યું.

ગાંધીયુગમાં બ્રહ્મચર્યને જીવનની આચારસંહિતા તરીકે વિકસાવવા ભરપૂર પ્રયત્નો થયા. ૧૯૬૦થી ૧૯૮૦ના દાયકામાં રજનીશજીએ કામને માનવ ચેતના સાથે જોડી એક નવો અનુબંધ આપ્યો. માનવ ચેતનાના પ્રાગટ્યમાં કામ પણ એક મહત્ત્વનો સ્વીકાર છે તેવું પ્રસ્થાપિત કર્યું. નારી મુક્તિના હિમાયતીઓના ૧૯૫૦ પછીનાં આંદોલનમાં સ્ત્રીને જાતીય શોષણથી મુક્ત રહેવાનો અધિકાર અપાયો એટલુ જ નહી પણ દાયકાથી મૌન સ્ત્રીઓ હવે પોતાના જાતીય આનંદના અધિકારને પોકારી શકી...

આમ છતાં જીવનક્રમનાં લાખો વર્ષ વીતવા છતાં પૃથ્વી ઉપરના બીજા જીવો માટે કામ પ્રજોત્પતિ સુધી જ મર્યાદિત રહ્યો છે. જ્યારે મનુષ્યજાતિએ કામને શરીર આનંદ સાથે જોડી પ્રજા-ઉત્પત્તિનો હેતુ ગૌણ બનાવ્યો છે.શરીર રચનાની રીતે સ્ત્રીઓને બાળ જન્મની પ્રક્રિયામાં એકાંગી રીતે જોતરવાનું ન હોત તો સમાજ વ્યવસ્થાની પાર વીનાની ગૂંચો આપોઆપ ઉકેલાઈ જાત. પણ સ્ત્રી શરીરની જૈવિક મર્યાદાની આડઅસર તરીકે પવિત્રતા, વફાદારી અને સરવાળે લગ્નના બંધનને સામાજિક મૂલ્ય તરીકે જાણીતું બનાવી દેવાયું છે, પરંતુ આધુનિક સમાજે જે સ્ત્રીઓને બાળકના જન્મની જવાબદારી ન જોઈતી હોય તેને ગર્ભ નિરોધક સાધનો અને દવાની મદદથી તેમાંથી મુક્ત રહેવાની મોકળાશ આપી છે. તેમ મિત્ર ભાવે સહજીવન જીવવા માગતાં સ્ત્રી-પુરુષને લિવ ઈન રિલેશનની સમજથી સાથે રહેવાનો ન્યાયિક અભિગમ અપનાવી બૌદ્ધિક કામને સમૃદ્ધ કર્યો છે.

આધુનિક યુગમાં તો બાળકનાં જન્મને પીડા અને ખર્ચાળ જીવન સાથે જોડી દેવામાં આવ્યો છે ત્યારે એ આઈ ના સહારે કામના આનંદનો હેતુ મજબૂત કરવામાં આવી રહ્યો છે. સ્ત્રીઓની જૈવિક રચનાથી ઉદ્દભવેલા સૌંદર્યને જાહેર ખબરના પાટિયે, ફિલ્મના પડદે દેખાડાય કે પછી રિસેપ્શનિસ્ટ તરીકે ઉપયોગમાં લેવાય, સ્ત્રીઓના સ્નેહ અને ધીરજના ગુણને શિક્ષક અને નર્સ તરીકેના વ્યવસાય સાથે જોડાય કે પછી સ્ત્રીઓના મસ્તિષ્કના અગ્રભાગે રહેલા કોષોની પ્રગાઢતાને કોઈ કંપનીનાં વફાદાર અધિકારી તરીકે ઉપયોગમાં લેવાય અને વ્યવસાયના ભાગરૂપે સ્ત્રી-પુરુષ અનુકૂળતા મુજબ પરસ્પરને કામ-આનંદ સાથે જોડી રાખે છે તો પણ બૌદ્ધિક કામનો હેતુ તો સરતો નથી. મધ્ય યુગમાં પ્રચલિત બનેલા બૌદ્ધિક કામનો અભિગમ એટલે "સ્ત્રી અને પુરુષ શરીરની મુક્ત અભિવ્યક્તિ અને તેજસ્વી સંતાનોનું નિર્માણ !!!" તમામ માતાપિતા જાણે છે કે પોતાનું પહેલું સંતાન મહદંશે એક અકસ્માત હોય છે. માતા-પિતાના પ્રથમ બાળકની ભાવુકતાના મૂળમાં તો મા-બાપની પ્રથમ મિલનની સંવેદનશીલતા પડઘાય છે. પરંતુ પાંચેક વર્ષ વીત્યા પછી પતિ-પત્ની જાતીય વ્યવહાર પ્રત્યે વધુ આનંદિત અને ઓછાં સંવેદનશીલ બન્યાં હોય તે પછીનું બીજું બાળક તરવરાટ અને ચતુરાઈનું પ્રતીક બની રહે છે. આ અનુભવ તમામ સંસારીઓને છે. આ પરિવર્તનશીલનું કારણ પતિ પત્નીના ઈન્ટેલેક્ચ્યુઅલ સેકસમાં રહેલું છે, બદલાયેલી અવસ્થામાં થયેલા સમાયોજનામાં રહેલું છે. આ ઈન્ટેલેક્ચ્યુઅલ સેકસની વાત હવે ચર્ચાવી જોઈએ. સ્ત્રી-પુરુષના કામમાં બૌદ્ધિકતા જળવાઈ રહે તે અંગેના અભિગમની વાત ચર્ચાવી જોઈએ જેથી આપણા દેશનું તમામ પહેલું સંતાન વધુ બુદ્ધિમાન બની રહે. બૌદ્ધિક કામ તાર્કિક બને, સ્વીકાર્ય બને તો બૌદ્ધિક કામ દ્વારા બૌદ્ધિક સંતાનોની ઉત્પત્તિના ખ્યાલને પ્રચલિત બનાવવા કયાંય પહેલ થાય તો નવા યુગનું મંડાણ સહેલું બની શકે.

# થોડું પોતાના માટે પણ જીવો

**વિશેષ**



સામાન્ય રીતે ભારતીય મહિલાઓ પોતાના કરતાં પોતાના પરિવારજનો માટે વધુ જીવે છે. કુટુંબના નાના-મોટા સઘળા સભ્યોની નાનામાં નાની બાબતની કાળજી લેવામાંય તે પાછીપાની નથી કરતી. આવી સ્થિતિમાં તેને પોતાનું ધ્યાન રાખવાનો સમય જ નથી મળતો. પરંતુ જો તમે આયખાના ૫૦ વર્ષ પૂરાં કરી દીધાં હોય તો હવે થોડું થોડું પોતાના માટે પણ જીવતાં શીખો. કહેવાનો અર્થ એ છે કે હવે પોતાની કાળજી લેવાનો સમય પાકી ગયો છે. નિષ્ણાત તબીબો પણ આ વાત સાથે સંમત થતાં કહે છે..,

ઉંમરના પાંચ દશક વટાવી લીધાં પછી મહિલાઓના શરીરમાં ઘણાં બદલાવ આવે છે. તેઓ શારીરિક અને ભાવનાત્મક પરિવર્તન અનુભવે છે. આ વયમાં તેમની માંસપેશીઓ સંકોચવા લાગે છે અને ત્વચા પર કરચલીઓ દેખાવાનો આરંભ થઈ જાય છે. આવી સ્થિતિમાં આ ઉંમરમાં સ્વસ્થ-સુંદર રહેવા અને ચહેરાની રોનક જાળવી રાખવા પોતાની જીવનશૈલીમાં થોડું પરિવર્તન કરવું જરૂરી બની જાય છે.

સૌથી પહેલા તો તમને જે પ્રવૃત્તિમાં આનંદ આવે તે કરો. ચાહે તે પ્રવાસ હોય, મેડિટેશન હોય કે સખી-સહેલીઓને મળવાનું હોય. જો તમે આટલું પણ નહીં કરો તો શારીરિક અને ભાવનાત્મક રીતે થાકી-કંટાળી જશો. આવી સ્થિતિમાં તમારો સ્વભાવ ચીડચીડિયો થઈ જાય એવું પણ બને.

આ ઉંમરમાં હૃદયના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું એટલું જ જરૂરી છે. તેને માટે નિયમિત રીતે બ્લડ પ્રેશર, બ્લડ ગ્લુકોઝ લેવલ, કોલેસ્ટરોલનું સ્તર, તેમ જ હૃદયને લગતાં અન્ય ચેક અપ કરાવતાં રહો. હૃદય જેવા મહત્વના અવયવમાં આવેલી નાની અમસ્તી ક્ષતિ પણ ૫૦ વર્ષ વટાવી લીધાં પછી ભારે પડી શકે છે.

વધતી જતી વય સાથે પેટમાં એસિડનું ઉત્પાદન આપોઆપ ઘટવા લાગે છે. આવી સ્થિતિમાં શરીરમાં કેલ્શિયમ, વિટામીન ડી, વિટામીન બી-૧૨ની ઊણપ સર્જાય છે જે શરીર અને મગજની કામગીરીમાં અડચણ પેદા કરે છે. બહેતર છે કે આ સઘળા તત્વો પૂરતાં પ્રમાણમાં મળી રહે એવો આહાર લો અને જરૂર પડયે સપ્લીમેન્ટ્સ લેવામાં પણ પાછીપાની ન કરો.

ઉંમરના પાંચ દાયકા વટાવતી સ્ત્રીને રજોનિવૃત્તિ આવી ગઈ હોય છે અથવા તે આ તબક્કામાંથી પસાર થતી હોય છે. સ્વાભાવિક રીતે જ આ સમય દરમિયાન તેના શરીરમાં એસ્ટ્રોજન હોર્મોન્સની કમી પેદા થાય છે જેને પગલે તેના હાડકાં, માંસપેશીઓ નબળાં થવા લાગે છે. સાથે સાથે તેનું વજન વધે છે જે હાઈ બ્લડ પ્રેશર કે મધુપ્રમેહનું કારણ બને છે. આ સમસ્યાઓને અંકુશમાં રાખવા નિયમિત રીતે વ્યાયામ કરો. દરરોજ એક કલાક કસરત કરો અથવા ચાલો. વ્યાયામ એન્ડોર્ફિન તણાવ ઓછું કરવા સાથે વજન વધતું રોકવામાં પણ મદદ કરે છે. જોકે કોઈપણ યોગ કરવાનું વિચારતા હો તો સૌથી પહેલા તમારા તબીબની સલાહ લો. ત્યાર પછી પણ યોગ નિષ્ણાતની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ જ યોગ કરવાનું શરૂ કરો.

૫૦ વર્ષ સુધી પહોંચતા હાડકાં અને માંસપેશીઓ નબળી પડવા લાગતી હોવાથી શરીર માટે વિટામીન 'ડી' અત્યાવશ્યક બની જાય છે. આવી સ્થિતિમાં જો તમે વૉક કરવા જતાં હો તો કુણા તડકામાં ચાલો. વજન વધી ન જાય તેના માટે ઓછી કેલરી અને વધુ રેષા ધરાવતો ખોરાક લો. મોસમી ફળો અને લીલા શાકભાજી ઉપરાંત ફ્લેક્સ સીડ્સ લો. ફ્લેક્સ સીડ્સમાં ઓમેગા-૩ પ્રચૂર પ્રમાણમાં હોય છે. તે ધમનીઓ સ્વસ્થ રાખવા સાથે એસ્ટ્રોજનનું સ્તર સંતુલિત રાખવામાં સહાયક બને છે. તેવી જ રીતે હાડકાં મજબૂત રાખવા કેલ્શિયમની કમી પૂરી કરતાં છોલે, દૂધ, પનીર, દહીં, આમળા જવા ખાદ્ય પદાર્થોનું નિયમિત રીતે સેવન કરો. ચાળીસી વટાવી ગયા પછી ટામેટાં પણ પૂરતાં પ્રમાણમાં લો. ટામેટાંમાં રહેલું લાઈકોપીન હૃદયરોગ અને કેન્સરનું જોખમ ઘટાડે છે.

# જલસંચય માટે સહિયારો પરૂષાર્થ આવશ્યક

**આસપાસ ચોપાસ**

સુરેશ ભટ્ટ

ચોમાસાની ઋતુ માત્ર હરિયાળી અને ઠંડક લઈને આવતી નથી, પરંતુ તે પ્રકૃતિ દ્વારા મળતી અમૂલ્ય જળસંપત્તિનું સંવર્ધન કરવાની અનોખી તક પણ આપે છે. વરસાદના કરોડો લીટર પાણીનો મોટો હિસ્સો યોગ્ય આયોજનના અભાવે નદીઓ મારફતે સમુદ્રમાં વહી જાય છે, જ્યારે થોડા જ મહિનાઓ પછી અનેક શહેરો અને ગામડાંઓમાં પીવાના પાણીની તંગી સર્જાય છે. આ વિરોધાભાસ દર્શાવે છે કે સમસ્યા વરસાદની અછત કરતાં વધુ પાણીના યોગ્ય સંચાલનની છે.

**ભારત જેવા દેશ માટે જલ સંચય હવે માત્ર પર્યાવરણનો મુદ્દો નથી, પરંતુ આર્થિક વિકાસ, કૃષિ ઉત્પાદન, ઔદ્યોગિક પ્રગતિ, જાહેર આરોગ્ય અને સામાજિક સ્થિરતા સાથે સીધો જોડાયેલો વિષય બની ગયો છે.**

ભારત જેવા દેશ માટે જલ સંચય હવે માત્ર પર્યાવરણનો મુદ્દો નથી, પરંતુ આર્થિક વિકાસ, કૃષિ ઉત્પાદન, ઔદ્યોગિક પ્રગતિ, જાહેર આરોગ્ય અને સામાજિક સ્થિરતા સાથે સીધો જોડાયેલો વિષય બની ગયો છે. વરસાદી ઋતુના આ દિવસો દરેક વ્યક્તિ, પરિવાર, સંસ્થા અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટે જળ સંચયના મિશનમાં જોડાવાનો શ્રેષ્ઠ સમય છે.

પૃથ્વી પર પાણીનું પ્રમાણ વિશાળ હોવા છતાં પીવાલાયક મીઠા પાણીનો જથ્થો ખૂબ મર્યાદિત છે. વધતી વસ્તી, શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને ભૂગર્ભ જળના અતિશય ઉપયોગને કારણે અનેક વિસ્તારોમાં પાણીનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે. આબોહવા પરિવર્તનના કારણે વરસાદનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. ઓછા દિવસોમાં ભારે વરસાદ પડતો હોવાથી મોટાભાગનું પાણી જમીનમાં ઉતર્યા વગર વહેણમાં વહી જાય છે.આ પરિસ્થિતિમાં વરસાદના દરેક ટીપાને સાચવવાનો અભિગમ અપનાવવો સમયની માંગ બની ગયો છે. જળ સંચય માત્ર પાણી બચાવતું નથી, પરંતુ ભૂગર્ભ જળનું પુનર્ભરણ કરીને ભવિષ્યની પાણીની જરૂરિયાત પણ પૂરી કરવામાં મદદરૂપ બને છે.

શહેરોમાં જલ સંચયની નવી દિશા

ભારત ઝડપથી શહેરીકરણ તરફ આગળ વધી રહ્યું છે. ઊંચી ઈમારતો, સિમેન્ટના રસ્તાઓ અને કોંક્રિટના વિસ્તારોને કારણે વરસાદી પાણી જમીનમાં ઉતરી શકતું નથી. પરિણામે એક તરફ પાણીનો બગાડ થાય છે અને બીજી તરફ ભારે વરસાદમાં શહેરી પૂર જેવી સ્થિતિ સર્જાય છે.

શહેરોમાં દરેક રહેણાંક મકાન, એપાર્ટમેન્ટ, સરકારી કચેરી, શાળા, કોલેજ, હોસ્પિટલ, મોલ અને ઉદ્યોગોમાં રૂફટોપ રેઈનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ફરજિયાત બનાવવી જોઈએ. છત પરથી પડતું વરસાદી પાણી પાઈપ દ્વારા ફિલ્ટર કરીને ભૂગર્ભ ટાંકીમાં સંગ્રહિત કરી શકાય અથવા રિચાર્જ કૂવામાં ઉતારી શકાય.

શહેરોમાં પાર્ક, બગીચા અને ખુલ્લી જગ્યાઓમાં રિચાર્જ પિટ, પરકોલેશન પિટ અને સોક પિટનું નિર્માણ કરવામાં આવે તો વરસાદી પાણી જમીનમાં ઉતરી શકે છે. રોડની બાજુમાં વરસાદી પાણી માટે અલગ ડ્રેનેજ અને રિચાર્જ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો પાણીનો વ્યય ઘટાડી શકાય છે.મોટા ઔદ્યોગિક વિસ્તારોમાં પણ વરસાદી પાણીના સંગ્રહને ફરજિયાત બનાવવાથી ભૂગર્ભ જળ પરનો ભાર નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.

ગામડાંઓમાં જલ સંચયની પરંપરાને આધુનિકતા સાથે જોડવાની જરૂર

ભારતના ગામડાંઓમાં જળ સંચયની સમૃદ્ધ પરંપરા રહી છે. તળાવો, વાવ, કૂવા, ચેકડેમ અને નાના બંધો ગ્રામ્ય જીવનનો અભિન્ન ભાગ રહ્યા છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં આ પરંપરાગત જળસ્ત્રોતોની અવગણના થવાથી અનેક વિસ્તારોમાં પાણીની સમસ્યા ઊભી થઈ છે.ગામડાંઓમાં વરસાદ પહેલાં તળાવોનું ઊંડાણ વધારવું, ગાદ દૂર કરવી અને પાણી સંગ્રહ ક્ષમતા વધારવી જરૂરી છે. નાના ચેકડેમ, બોરીબંધ, ખેત તળાવડી અને પરકોલેશન ટાંકા બનાવીને વરસાદી પાણી રોકી શકાય છે.ખેડૂતો પોતાના ખેતરમાં ખેત તળાવડી બનાવે તો વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે છે, જેનો ઉપયોગ ઉનાળામાં સિંચાઈ માટે થઈ શકે છે. આ ઉપરાંત ભૂગર્ભ જળનું સ્તર પણ વધે છે, જેના કારણે આસપાસના કૂવા અને બોરવેલ લાંબા સમય સુધી પાણી આપતા રહે છે.


ગૌચર જમીન, ટેકરી વિસ્તાર અને જંગલોમાં કન્ટૂર ટ્રેન્ચ, સ્ટોન બંડિંગ અને વનસ્પતિ આવરણ વધારવાથી વરસાદી પાણીનું જમીનમાં શોષણ વધે છે.

જળ સંચય માટે મોટા ખર્ચની જરૂર નથી. દરેક પરિવાર નાના પ્રયત્નોથી પણ મોટું યોગદાન આપી શકે છે. ઘરની છત પરથી પડતું વરસાદી પાણી ટાંકીમાં સંગ્રહ કરી શકાય છે. આ પાણીનો ઉપયોગ બગીચા, સફાઈ, વાહન ધોવા અને અન્ય ગેરપીવાના ઉપયોગ માટે થઈ શકે છે.

ઘરમાં પાણીનો બગાડ અટકાવવો પણ જળ સંચયનો મહત્વપૂર્ણ ભાગ છે. ટપકતા નળનું સમારકામ, પાણી બચાવતી ફિટિંગ્સનો ઉપયોગ અને પાણીનો મિતવ્યયી ઉપયોગ સમાજમાં જળ સંરક્ષણની સંસ્કૃતિ વિકસાવે છે.

ભારતીય કૃષિ વરસાદ પર નિર્ભર છે. અનિયમિત વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડે છે. જો વરસાદી પાણીનો યોગ્ય સંગ્રહ કરવામાં આવે તો કૃષિ વધુ સ્થિર બની શકે છે.

ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિ જેવી આધુનિક સિંચાઈ તકનીકો પાણીનો ઉપયોગ નોંધપાત્ર રીતે ઘટાડે છે. ખેત તળાવડી, ચેકડેમ અને રિચાર્જ કૂવા દ્વારા વરસાદી પાણી સાચવીને ખેડૂતો આખું વર્ષ પાણીની ઉપલબ્ધિ જાળવી શકે છે.



જમીનમાં કાર્બનિક તત્વો વધારવાથી પણ પાણી ધારણ કરવાની ક્ષમતા વધે છે. વૃક્ષારોપણ અને જમીન સંરક્ષણના પગલાં વરસાદી પાણીના સંચયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વૈશ્વિક તાપમાનમાં વધારો અને આબોહવા પરિવર્તનના કારણે વરસાદની અનિશ્ચિતતા વધી રહી છે. ક્યારેક ભારે વરસાદ અને ક્યારેક લાંબા સમય સુધી દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાય છે.

જલ સંચય આબોહવા પરિવર્તન સામે સૌથી અસરકારક અનુકૂલન વ્યૂહરચનાઓમાંની એક છે. વરસાદી પાણી જમીનમાં ઉતારવાથી ભૂગર્ભ જળ સમૃદ્ધ બને છે, વૃક્ષો અને વનસ્પતિને પૂરતું પાણી મળે છે અને સમગ્ર પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે છે.

જળ સંચય માત્ર સરકારની જવાબદારી નથી. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, શાળાઓ, કોલેજો, ઉદ્યોગો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકો સૌએ મળીને આ અભિયાનને જનઆંદોલન બનાવવું પડશે.

નવી ઈમારતોમાં વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા ફરજિયાત બનાવવી, જૂની ઈમારતોમાં તેને પ્રોત્સાહન આપવું, ગ્રામ પંચાયતો દ્વારા તળાવો અને ચેકડેમનું નિયમિત જતન કરવું તેમજ શાળાઓમાં જળ સંરક્ષણ અંગે પ્રાયોગિક શિક્ષણ આપવું સમયની જરૂરિયાત છે.

દર વર્ષે ચોમાસા પહેલાં ગામ અને શહેર સ્તરે જળ સંચય માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવે તો પાણીની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો શક્ય બને છે.

વિશ્વના અનેક દેશોમાં પાણીની અછત ગંભીર સમસ્યા બની રહી છે. ભારત માટે પણ આવનારા સમયમાં પાણી સૌથી કિંમતી કુદરતી સંપત્તિ બનશે. આજે વરસાદના દરેક ટીપાને સાચવવામાં આવશે તો આવતી પેઢીને પાણી માટે સંઘર્ષ કરવો નહીં પડે.

જલ સંચય કોઈ એક દિવસનું કામ નથી; તે જીવનશૈલી છે. શહેરોમાં આધુનિક ટેક્નોલોજી અને ગામડાંઓમાં પરંપરાગત જળસંચય પદ્ધતિઓનું સંયોજન કરીને જ પાણીની સમસ્યાનો લાંબા ગાળાનો ઉકેલ મળી શકે છે. દરેક ઘર, દરેક શાળા, દરેક ખેતર અને દરેક સંસ્થા જો પોતાના સ્તરે વરસાદી પાણીનો સંગ્રહ શરૂ કરે તો દેશની જળ સુરક્ષા વધુ મજબૂત બની શકે છે.વરસાદની દરેક બુંદ પ્રકૃતિની અમૂલ્ય ભેટ છે. તેને વહી જવા દેવાને બદલે જમીનમાં ઉતારવી અને ભવિષ્ય માટે સાચવવી એ આજના સમયનું સૌથી મોટું પર્યાવરણીય કર્તવ્ય છે. જલ સંચય દ્વારા માત્ર પાણી જ નહીં, પરંતુ કૃષિ, પર્યાવરણ, અર્થતંત્ર અને માનવ જીવનનું ભવિષ્ય પણ સુરક્ષિત બને છે. ચોમાસાની આ અનુકૂળ ઋતુ જળ સંચય માટે શ્રેષ્ઠ તક છે. જો આજે આપણે સંકલ્પપૂર્વક જળ સંચયનું કાર્ય હાથ ધરીએ, તો આવતીકાલે પાણીની અછત નહીં પરંતુ જળસમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ શક્ય બનશે.

# મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમની સફર પૂરી : ઓસ્ટ્રેલિયા સામે થયો પરાજય

લંડન,

અહીં લૉર્ડસના ઐતિહાસિક ગ્રાઉન્ડ પર રવિવારે મહિલાઓની વન-ડેનું વર્લ્ડ ચૅમ્પિયન ભારત ટી-૨૦ના વિશ્વ કપમાં અંતિમ લીગ મૅચમાં પરાજિત થતાં ટૂર્નામેન્ટની બહાર થઈ ગયું હતું. ઑસ્ટ્રેલિયા સામેની ક્વૉર્ટર ફાઇનલ જેવી મૅચમાં હરમનપ્રીત કૌર ઍન્ડ કંપનીનો છ વિકેટે પરાજય થયો હતો. એલીસ પેરી (૫૬ રન) અને ઍશ્લેઇ ગાર્ડનરે (૫૩ અણનમ) હાફ સેન્ચુરી ફટકારી હતી. ભારત વતી સ્પિનર શ્રી ચરનીએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

જોકે ભારતીય ટીમ ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ઑસ્ટ્રેલિયાને લડત આપીને હારી હતી. ભારતે ૧૭૧ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ સૉફી મૉલિન્યૂક્સના સુકાનમાં ઑસ્ટ્રેલિયાની ટીમે ૧૯ ઓવરમાં ચાર વિકેટે ૧૭૨ રન બનાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. ભારત પરાજિત થતાં સાઉથ આફ્રિકાને ગ્રૂપ-૧માંથી આપોઆપ સેમિ ફાઇનલમાં જવા મળ્યું છે.

એ પહેલાં, વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પહોંચવા ઝઝૂમી રહેલી ભારતીય ટીમે બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૭૦ રન બનાવ્યા હતા જેમાં કૅપ્ટન હરમનપ્રીત કૌરના ૫૬ રન હાઇએસ્ટ હતા. એમાં



તેના ત્રણ છગ્ગા, છ ચોગ્ગા સામેલ હતા. વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના (૩૮ રન) અને શેફાલી વર્મા (૩૪ રન)ના સાધારણ યોગદાન હતા, જ્યારે જેમિમા રૉડ્રિગ્સ પોતાના ૩૪મા રને રિટાયર આઉટ થઈ હતી. ભારતની દમદાર બોલિંગ લાઇન-અપનો ઑસ્ટ્રેલિયાએ વળતો જવાબ આપ્યો હતો.રવિવારે સાંજે આ જ મેદાન પર બાંગ્લાદેશ સામે સાઉથ આફ્રિકા ચાર વિકેટે જીતી ગયું હતું. ગ્રૂપ-ટૂમાંથી ઇંગ્લૅન્ડ અને વેસ્ટ ઇન્ડિઝ સેમિમાં પહોંચી ગયા છે. ભારતીય ટીમમાં નંદની શર્માના સ્થાને ક્રાંતિ ગૌડને ફરી ટીમમાં સમાવવામાં આવી હતી, જ્યારે ઑસ્ટ્રેલિયાએ અલાના કિંગના સ્થાને ફીબી લિચફીલ્ડને ઇલેવનમાં સમાવી હતી.

# ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર અને કેપ્ટન બેન સ્ટોક્સની અચાનક નિવૃત્તિની જાહેરાત

નૉટિંગમ,

ઇંગ્લૅન્ડના ઑલરાઉન્ડર અને કૅપ્ટન બેન સ્ટૉક્સે જાહેર કર્યું છે કે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે ચાલી રહેલી ત્રીજી ટેસ્ટ તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટની અંતિમ મૅચ છે. તેણે જાહેરાત કરી છે કે તે આ ટેસ્ટને અંતે નિવૃત્તિ લેશે.

સોમવાર, ૨૯મી જૂન આ ટેસ્ટનો અંતિમ દિવસ છે અને એ બેન સ્ટૉક્સની શાનદાર કારકિર્દીનો પણ આખરી દિવસ બનશે. તેણે આ જાહેરાત રવિવારે મૅચના ચોથા દિવસે કરી હતી. ૩૫ વર્ષના સ્ટૉક્સની કરીઅરના ટૂંકમાં આંકડા આ મુજબ છેઃ (૧) ૧૨૧ ટેસ્ટમાં ૭,૨૨૮ રન અને ૨૪૬ વિકેટ (૨) ૧૧૪ વન-ડેમાં ૩,૪૬૩ રન અને ૭૪ વિકેટ (૩) ૪૩ ટી-૨૦માં ૫૮૫ રન અને ૨૬ વિકેટ.

૨૦૧૯માં ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે વર્લ્ડ કપ ડબલ ટાઇવાળી ફાઇનલની જીત સ્ટૉક્સની ૧૫ વર્ષની અસાધારણ કારકિર્દીની સર્વશ્રેષ્ઠ મૅચ હતી. ઇંગ્લૅન્ડને ૨૦૨૨માં ટી-૨૦ વર્લ્ડ કપનો તાજ અપાવવામાં પણ તેનું મહત્ત્વનું યોગદાન હતું. એ જ વર્ષમાં તેને કૅપ્ટન્સી મળી હતી.ન્યૂ ઝીલૅન્ડ સામેની



વર્તમાન ટેસ્ટ શ્રેણીની પ્રથમ મૅચ વખતે સ્ટૉક્સ નાઇટક્લબના વિવાદને કારણે ચર્ચાસ્પદ થયો હતો. શિસ્તભંગના પગલાં તરીકે તેને શ્રેણીની બીજી ટેસ્ટની બહાર કરવામાં આવ્યો હતો અને હવે ત્રીજી ટેસ્ટની મધ્યમાં તેણે રિટાયરમેન્ટ જાહેર કરી દીધું છે.

# આયર્લેન્ડ સામે ભારતની બીજી શરમજનક હાર : શ્રેણી ગુમાવી

મુંબઈ,

ભારતીય ક્રિકેટ ટીમ માટે આયર્લૅન્ડનો પ્રવાસ એક ખરાબ સ્વપ્ન સમાન સાબિત થયો છે. પ્રથમ T20 મેચમાં ૩૪ રનથી હાર્યા બાદ, બીજી મેચમાં પણ ભારતનો શરમજનક પરાજય થયો છે. જીતવા માટેના ૧૫૫ રનના લક્ષ્યાંક સામે ભારતીય ટીમ ૨૦ ઓવરમાં માત્ર ૧૫૩ રન જ બનાવી શકી હતી. સતત બીજી કારમી હારના કારણે ટીમ ઈન્ડિયાએ આ ્૨૦ સિરીઝ પણ ગુમાવી દીધી છે, જે ભારતીય ક્રિકેટ માટે અત્યંત આઘાતજનક બાબત છે.ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી આયર્લૅન્ડની ટીમે મજબૂત શરૂઆત કરી હતી. હેરી ટેક્ટરે ૪૭ બોલમાં ૫ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી સૌથી વધુ ૫૩ રન ફટકાર્યા હતા. બેન કેલિટ્ઝે




૨૩ બોલમાં ઝડપી ૩૭ રન બનાવ્યા, જેમાં ૩ ચોગ્ગા અને ૨ છગ્ગા સામેલ હતા. રોસ અદૈરે ૭ બોલમાં ૧ ચોગ્ગો અને ૨ છગ્ગા મારી ૧૬ રન જોડ્યા હતા. લોર્કન ટકરે ૧૮ બોલમાં ૨ ચોગ્ગા સાથે ૧૫ રન અને જ્યોર્જ ડોકરેલે ૧૪ બોલમાં ૧ ચોગ્ગો અને ૧ છગ્ગો ફટકારી ૧૯ રન બનાવ્યા હતા. જ્યારે ટિમ ટેક્ટરે ૬ બોલમાં ૧ ચોગ્ગા સાથે ૫ રન કર્યા હતા. લિયમ મેકકાર્થી ૨ રન અને જય મૂન્દ્રા ૧ રને અણનમ રહ્યા હતા, જેથી ટીમનો સ્કોર ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૫૪ રન સુધી પહોંચ્યો હતો.ભારતીય બોલરોએ મેચમાં વાપસી કરાવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. જેમાં પ્રિન્સ યાદવ સૌથી સફળ બોલર રહ્યો, જેણે ૪ ઓવરમાં માત્ર ૨૨ રન આપીને ૩ મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. શિવમ દુબેએ પણ સારી બોલિંગ કરી ૩ ઓવરમાં ૨૫ રન આપીને ૨ વિકેટ લીધી હતી. અર્શદીપ સિંહે ૪ ઓવરમાં ૩૫ રન આપીને ૨ સફળતા મેળવી હતી. હર્ષિત રાણાએ કરકસરયુક્ત બોલિંગ કરતા ૩ ઓવરમાં ૧૭ રન આપી ૧ વિકેટ મેળવી હતી. જોકે, સૂર્યાંશ શેડગેએ ૨ ઓવરમાં ૨૫ રન અને અક્ષર પટેલે ૪ ઓવરમાં ૨૮ રન આપ્યા હતા, પરંતુ આ બંને બોલરોને કોઈ વિકેટ મળી શકી નહોતી.૧૫૫ રનના સ્કોરનો પીછો કરવા ઉતરેલી ભારતની બેટિંગ લાઇન-અપ પત્તાના મહેલની જેમ વિખેરાઈ ગઈ હતી. ઓપનર સંજુ સેમસન અને અભિષેક શર્મા ખાતું ખોલાવ્યા વિના જ પ્રથમ ઓવરમાં આઉટ થઈ ગયા હતા.

# ફિલ્મમેકર રોહિત શેટ્ટીને બિશ્નોઇ ગેંગ તરફથી મળી વધુ એક ધમકી : ૨૦ કરોડની ખંડણી માંગી

મુંબઈ,

બોલિવૂડ ફિલ્મમેકર રોહિત શેટ્ટીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી તેમને એક ઓડિયો ક્લિપ દ્વારા આપવામાં આવી છે, અને તેની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે. આ ગેંગે ૨૦ કરોડ રૂપિયાની ખંડણી માંગી છે અને આ નવી ધમકી જુહુ સ્થિત રોહિત શેટ્ટીના ઘરની બહાર ચાર રાઉન્ડ ગોળીબાર થયાના થોડા મહિનાઓ બાદ જ આવી છે. શુભમ લોનકર તરફથી રોહિત શેટ્ટીની ટીમને મોકલવામાં આવેલી આ કથિત ઓડિયો ક્લિપમાં ધમકી સાંભળી શકાય છે. ઓડિયોમાં કહેવામાં આવ્યું છે કે, 'ચાર મહિના પહેલા તેમના જુહુ સ્થિત ઘર પર થયેલો ગોળીબાર તો, માત્ર એક ટ્રેલર હતું. જો માંગણીઓને નજરઅંદાજ કરવામાં આવશે, તો આ વખતે ગોળીઓ અચૂક વાગશે'

રોહિત શેટ્ટીની ટીમે, આ અંગે ઔપચારિક ફોજદારી ફરિયાદ નોંધાવી છે. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ અને જુહુના સ્થાનિક વહીવટી તંત્રે એન્ટી-એક્સ્ટોર્શન સેલ (ખંડણી વિરોધી વિંગ)ને એક્ટિવ કરી દીધો છે. તપાસકર્તાઓના પ્રાથમિક વોઈસ-મેચિંગ એનાલિસિસ દર્શાવે છે કે, જેલમાં બંધ ગેંગ લીડર લોરેન્સ બિશ્નોઈના નજીકના સાથી અને ફરાર ગેંગસ્ટર શુભમ લોનકરે જ



આ ઓડિયો ટેપ રેકોર્ડ કરી હતી.ઓક્ટોબર ૨૦૨૪માં દ્રઝ નેતા બાબા સિદ્દીકીની હાઈ-પ્રોફાઈલ હત્યામાં સામેલ હોવાને કારણે, શુભમ લોનકર હાલમાં ફેડરલ એજન્સીઓના વોન્ટેડ લિસ્ટમાં છે. વોઈસ રેર્કોડિંગ દ્વારા શેટ્ટીને ખાસ જણાવવામાં આવ્યું હતું કે, અગાઉ તેમની વિરુદ્ધ લેવાયેલા ઓપરેશનલ પગલાં માત્ર એક ચેતવણી હતા. આ અગાઉ ૩૧ જાન્યુઆરીના રોજ રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ થયું હતું. આ કેસમાં સામેલ ૫ આરોપીઓને મકોકા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. મુંબઈ પોલીસે આ પાંચેય આરોપીઓના રિમાન્ડ માંગ્યા હતા. રિમાન્ડ માંગતી વખતે પોલીસે કોર્ટને જણાવ્યું હતુ કે, રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગના કેસમાં ધરપકડ કરાયેલા સાત લોકો (જેમાં શૂટર પણ સામેલ છે) એક અલગ જૂથ છે, જ્યારે પુણેથી મુંબઈ સુધી વાહનો અને હથિયારો લાવવાના આરોપમાં શરૂઆતમાં ધરપકડ કરાયેલા પાંચ લોકો એક અલગ જૂથ છે. કોર્ટે તેમને ૨૩ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા હતા.

# સૈફ અલી ખાનની 'હૈવાન' અને તેની પુત્રી સારા અલી ખાનની ફિલ્મ 'ઉડતા તેર' બોક્સ ઓફિસ પર ટકરાશે



મુંબઇ,

સૈફ અલી ખાન હૈવાન મૂવી ક્લેશઃ પ્રખ્યાત દિગ્દર્શક પ્રિયદર્શન 'હૈવાન' નામની ક્રાઈમ-એક્શન ફિલ્મ લઈને આવી રહ્યા છે, જેમાં સૈફ અલી ખાન અને અક્ષય કુમાર મુખ્ય ભૂમિકામાં છે. ચાહકો લાંબા સમયથી આ ફિલ્મની રિલીઝ તારીખની રાહ જોઈ રહ્યા હતા. નિર્માતાઓએ આખરે ૨૭ જૂને ફિલ્મની રિલીઝ તારીખ જાહેર કરી. જાહેર થયેલી રિલીઝ તારીખથી સૈફ અલી ખાનની ફિલ્મ તેમની પુત્રી સારા અલી ખાનની ફિલ્મ સાથે ટકરાઈ રહી છે તેવી ચિંતાઓ ઉભી થાય છે.ખરેખર, "હૈવાન" ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. સારા અલી ખાનની ફિલ્મ "ઉડતા તેર" પણ તે જ દિવસે રિલીઝ થવાની છે. આ કોમેડી ફિલ્મ, જેમાં આયુષ્માન ખુરાના પણ છે, તે બોક્સ ઓફિસ પર ટકરાશે તેવી અપેક્ષા છે. આ બે ફિલ્મોના એક અઠવાડિયા પહેલા, બીજી મોટી ફિલ્મ, "મિર્ઝાપુરઃ ધ મૂવી" રિલીઝ થવાની છે. આ ફિલ્મ લોકપ્રિય પ્રાઈમ વિડિયો શ્રેણી "મિર્ઝાપુર" પર આધારિત છે. આ શ્રેણીનો મજબૂત ચાહક વર્ગ છે, જે લોકો આ ફિલ્મ માટે પણ ઉત્સાહિત છે.'મિર્ઝાપુરઃ ધ મૂવી' ૪ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે. જોકે આ ફિલ્મ 'હૈવાન' અને 'ઉડતા તીર'ના એક અઠવાડિયા પહેલા આવી રહી છે, પરંતુ તેની આસપાસની ચર્ચા એવી છે કે 'મિર્ઝાપુર' બંને ફિલ્મો માટે સમસ્યા ઉભી કરી શકે છે.

# પીઢ અભિનેત્રી હિમાની શિવપુરી ગ્રામ્ય જીવનનો આનંદ માણવા માદરે વતન પહોંચી

મુંબઈ,

માયાનગરી મુંબઈમાં રહેવું એ દરેક વ્યક્તિનું સપનું હોય છે, પણ પોતાના સપનાં ઘરને સજાવવા માટે લોકો અથાગ મહેનત કરી રહ્યા હોય છે. એવામાં સફળતા મેળવ્યા પછી પોતાના ગ્રામ્ય જીવનને ફરી એકવાર જીવી જાણવું એ ખૂબ મોટી વાત છે. હાલમાં અભિનેત્રી હિમાની શિવપુરીએ પોતાના ચાહકોને ગ્રામ્ય જીવનની સફર કરાવી હતી.

બોલીવુડથી માંડીને ટેલિવિઝન ઈન્ડસ્ટ્રી સુધી પોતાના અભિનયથી દરેક ચાહકોના દિલમાં ઘર બનાવનારી અભિનેત્રી હિમાની શિવપુરીને કોઈ મોટી ઓળખાણ આપવાની જરૂર નથી. પોતાના દમદાર અભિનયથી લઈ તેણે





સિનેમા અને ટેલિવિઝન જગતમાં પોતાનું આગવું સ્થાન જાળવ્યું છે. તાજેતરમાં જ અભિનેત્રી મુંબઈના શોરબકોરથી દૂર પોતાના માદરેવતન શાંતિની પળો પસાર કરી રહી છે, ત્યારે પોતાના ગામનો સુંદર વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.હિમાની શિવપુરી હાલમાં ઉત્તરાખંડના ભટવાડી ગામમાં મુલાકાતે પહોંચી છે. આ ગામ ઉત્તરકાશી જિલ્લાનું અત્યંત પ્રાચીન અને સુંદર ગામ છે. પોતાની ગામની વિઝિટ કરાવતા અભિનેત્રીએ પોતાના ચાહકો સમક્ષ પોતાના સબંધીઓનો પણ પરિચય કરાવ્યો હતો.

હિમાનીએ શેર કરેલા વીડિયોમાં તેમણે ગામમાં આવેલા ખેતરો, વૃક્ષો અને તે પહાડો પર ઉગતા ખાસ ફળો અને જંગલી નાશપતિ પણ બતાવ્યા હતા. આ સાથે જ એક વીડિયોના કેપ્શનમાં તેમણે લખ્યું- 'મારા ફોઈ સાથે પહાડોની સફરે નીકળી છું. તેમણે મને અહીંયાના જુદા જુદા ફળો અને વનસ્પતિ વિષે જણાવ્યુ હતું

અભિનેત્રીએ પોતાના વારસાગત ઘરની બહારની તસવીરો નેટિઝન્સ સાથે શેર કરી હતી. આ ફોટા સાથે કેપ્શનમાં લખ્યું હતું કે 'સુપ્રભાત. ગામડાની શાંતિ, તાજી હવા, પોતાનાઓનો પ્રેમ, ઘરના તાજા શાકભાજી, ઝરણાનું પાણી... શું શું ગણાવું.'

આ ફોટા અને વીડિયો પરથી અભિનેત્રીએ પોતાના ફેન્સને એટલું તો જણાવી દીધું છે કે આટલી નામના મેળવ્યા બાદ પણ તેના પગ જમીનથી જોડાયેલા છે. અન્ય સામાન્ય વ્યક્તિની જેમ ગામમાં હળીમળીને પોતાના ખુશીના પળો માણી રહેલી અભિનેત્રીના સુંદર ગામને જોઈને ચાહકો પણ ખુશખુશાલ થયા હતા. આ નજારાઓ ફેન્સ માટે કોઈ ટ્રીટથી ઓછા નથી.

હિમાની શિવપુરીએ ફિલ્મજગતમાં ખૂબ ઉત્તમ અભિનય કર્યા છે. જેમાં તેમણે 'હમ આપકે હે કોન', 'હમ સાથ સાથ હે', દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' જેવી બીજી ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કરી દર્શકોના દિલ જીતી ચૂકી છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | કી | સ | ળ | દ | તી | ત | ક્ષ | પ્ર | આ | આ | ત |
| જ | દ | ક્ષ | બ | કા | કા | બૂ | ત | ભા | ક | શિ | જ્ઞા |
| ચી | ર | દ | ત | ન | એ | રો | સ | ભો | ણ | ર | ક્ષ |
| ધો | બો | બૂ | લ | ન | ર | મ | બા | ર | ળો | ણ | ણ |
| ર | કા | દુ | વિ | ધા | અ | કે | ધ | મા | ગી | શ | બ |
| ણ | દુ | બં | ણિ | ગ | ભ | વ | સ | તુ | આ | સ | ક |
| ગ | ડો | નિ | આ | બા | અ | કા | ણિ | રી | ર | વિ | મ |
| પ્ર | ગ | ક્રો | યા | ન | લ | તી | ણિ | ન | દ | કા | ણિ |
| બિ | મ | ક | ર | બા | મો | બિ | ઉ | ત્રિ | ઇ | ચી | નિ |
| ધી | ર | જ | મા | મા | ર | એ | મ | વ | કો | વે | દ |
| પ્ર | પ્રા | આ | સ | અ | સ | ભો | ખ | મા | દ | ણ | ભ |
| ગં | ધ | સા | ઓ | વા | ત | હા | ળ | ન | ત્રિ | વે | ણી |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# છેલ્લા એક વર્ષથી અલગ રહેતા ગૌરવ અને આકાંક્ષાએ હવે છૂટાછેડા લેવાનો નિર્ણય લીધો હોવાની ચર્ચા

મુંબઈ,

ટીવી જગતમાં જ્યારે સૌથી ફેવરીટ કપલની વાત કરવામાં આવે ત્યારે ગૌરવ ખન્ના અને આકાંક્ષાનું નામ પહેલા લેવામાં આવે છે. હવે વાવડ એ મળી રહ્યા છે કે,ટીવી એક્ટ્રેસ આકાંક્ષાએ એક ચોંકાવનારો ખુલ્લાસો કર્યો છે. આ સ્પષ્ટતા તેણે પોતાની રિલેશનશીપના મુદ્દા પર કરી છે. આ ચોખવટથી ફેન્સ પણ ચોંકી ગયા છે. છેલ્લા એક વર્ષથી અલગ રહેતા ગૌરવ અને આકાંક્ષા હવે છૂટાછેડાનો નિર્ણય લીધો છે. આકાંક્ષા હવે ટીવી રિયાલિટી શૉ લોકઅપ-૨માં જોવા મળવાની છે.

આ રીયાલિટી શૉના પહેલા જ એપિસોડમાં તેણે પોતાની રિલેશનશીપના વિષય પર ચોંકાવનારો ખુલાસો કરી નાખ્યો



છે. આકાંક્ષાએ કેમેરા સામે કબૂલાત કરી કે,એનો અને ગૌરવનો સંબંધ હવે ખતમ થવાના કિનારે છે.હવે બન્ને એકબીજાથી કાયમી ધોરણે છૂટા પડી રહ્યા છે.એ વાત પણ કહી કે, તેઓ છેલ્લા એક વર્ષથી અલગ રહેવા લાગ્યા છે. આ અચાનક થયેલા ખુલાસાને કારણે ફેન્સને શોક લાગ્યો છે.

ટીવી ઈન્ડસ્ટ્રીમાં અકાંક્ષાએ એક સફળ એક્ટ્રેસ છે. તેને એક્સપ્રેશન ક્વિન ગણવામાં આવે છે. સૌથી મોટી અને મહત્ત્વની વાત એ છે કે, છૂટાછેડાની આ વાત સામે આવ્યા બાદ પણ ગૌરવ તરફથી કોઈ જ પ્રકારની પ્રતિક્રિયા આવી નથી. આ સમગ્ર વિષય પર ગૌરવે મૌન સેવી લીધું છે.૨૪ ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે ગૌરવ અને અકાંક્ષાના મેરેજ થયા હતા. દસ વર્ષની રિલેશનશીપ અને લગ્નજીવનનો અંત લાવવાની વાતથી બન્ને કલાકારના ફેન્સને આઘાત લાગ્યો છે.

બન્નેના લગ્નજીવનને દસ વર્ષ થઈ ગયા છે અને હજુ સુધી તેમણે કોઈ બેબી પ્લાન કર્યું નથી.આ પહેલા બિગબોસ-૧૯માં પણ ગૌરવે એ વાત જણાવી હતી કે, તે ઝડપથી પિતા બનવા માગે છે. પણ આકાંક્ષા આ માટે તૈયાર નથી.આથી તેણે પોતાની પત્નીના નિર્ણયનું સન્માન કર્યું છે અને પોતાનો નિર્ણય પાછો લઈ લીધો છે. સ્ટેપ બેકની પરિસ્થિતિમાં ગૌરવની વાત પછી આ વાત સામે આવી છે.

હવે આ વિષય તે કંઈ બોલ્યો નથી. આકાંક્ષાએ થોડા સમય પહેલા આપેલો ઈન્ટરવ્યૂ અત્યારે ખૂબ જ ચર્ચામાં છે. જ્યારે એને પૂછવામાં આવ્યું ત્યારે તેણે સ્પષ્ટતા કરી હતી કે, ફિઝિકલી સેટિસ્ફેક્શન ન મળવા પર એક મહિલાને પોતાના પતિથી અલગ થવાનો અધિકાર છે? આનો જવાબ આપતા તેણે કહ્યું કે, ફિઝિકલી સેટિસ્ફેક્શન ન હોવું નિશ્ચિત રૂપે છૂટાછેડાનો ઠોસ આધાર હોઈ શકે છે. જો કોઈ મહિલા પોતાના લગ્નજીવનમાં ખુશ કે સંતુષ્ટ નથી તો આની સીધી અસર એના સંબંધો પર થાય છે.

આપણા સમાજમાં આજે પણ મહિલાઓ સાથે જોડાયેલા કેટલાક મુદ્દાઓ પર ખુલ્લીને વાત કરવામાં આવે તો એને એક ટેબૂ માનવામાં આવે છે. આ પહેલા પણ તેણે ગૌરવને લઈને એક રસપ્રદ વાત કહી હતી. એક્ટ્રેસે કહ્યું હતું કે, દુનિયાની દરેક પત્નીને પોતાના પતિમાં કોઈને કોઈ તો ખામી અથવા દુર્ગુણ દેખાય છે.

એ પછી ભલે ગૌરવ ખન્ના જેવો જ વ્યક્તિ કેમ ન હોય.એમના આ પ્રકારના નિવેદનને ફેન્સ એના હાલના નિવેદન સાથે જોડીને જોઈ રહ્યા છે. સેબેલ્સ માટે કોઈ પણ રિલેશનશીપના વિષય પર વાત કરવી એ કોઈ મોટી વાત નથી. આ પહેલા પણ ઘણી એક્ટ્રેસ પોતાના સાથી કર્મચારી તથા પતિને લઈને આ પ્રકારની વાત જાહેરમાં કરી ચૂક્યા છે.

# રેલવે તંત્રનું ભાવનગર પ્રત્યે ઓરમાયું વર્તન વંદે ભારત સહીત અન્ય પડતર માંગો ઉપેક્ષિત

## રૂટ આર્થિક રીતે સક્ષમ હોવા છતાં પ્રીમિયમ સુવિધાઓથી વંચિત રાખવા સામે જનતામાં ભારે રોષ

ભાવનગર,તા.૨૯

દેશભરમાં રેલવે નેટવર્કને આધુનિક બનાવવા માટે બહુપ્રતિક્ષિત અને હાઈ-સ્પીડ 'વંદે ભારત' ટ્રેનો ધડાધડ દોડાવવામાં આવી રહી છે. ગુજરાતના પણ અનેક નાના-મોટા શહેરોને આ પ્રીમિયમ ટ્રેનનો લાભ મળ્યો છે, પરંતુ કમનસીબે ભાવનગર જિલ્લા પ્રત્યે રેલવે તંત્ર દ્વારા સતત ઓરમાયું વર્તન રાખવામાં આવી રહ્યું છે. વ્યાપારી અને મુસાફરોની સંખ્યાની દ્રષ્ટિએ ભાવનગર-સુરત રૂટ આર્થિક રીતે રેલવે માટે એકદમ આદર્શ અને નફાકારક સાબિત થઈ શકે તેમ છે. આમ છતાં, રેલવે બોર્ડ દ્વારા ભાવનગરને આ આધુનિક ટ્રેનની ફાળવણીમાંથી સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવ્યું છે. આ પરિસ્થિતિ વચ્ચે સ્થાનિક રાજકીય નેતાઓ માત્ર કાગળ પર રજૂઆતોના નામે સંતોષ માની રહ્યા છે, પરિણામે જિલ્લાની જનતા લાચાર અને સુવિધા વિહોણી બની ગઈ છે.

ભાવનગર જિલ્લાના મુખ્ય ધાર્મિક અને પ્રવાસી મથકોની માંગણીઓ પણ લાંબા સમયથી લટકાવી રાખવામાં આવી છે. જૈન તીર્થધામ પાલિતાણા માટે મહારાષ્ટ્રથી દર વર્ષે હજારો યાત્રિકો આવે છે. આ મુસાફરો માટે પાલિતાણા-બાંદ્રા ટ્રેન આશીર્વાદરૂપ સમાન છે, પરંતુ કમનસીબે આ ટ્રેન માત્ર સાપ્તાહિક ધોરણે જ ચલાવવામાં આવે છે. હાલમાં સ્થિતિ એવી છે કે ભાવનગર-બાંદ્રા દૈનિક ટ્રેનમાં પાલિતાણાના મુસાફરોનો ભારે ધસારો રહે છે. જો પાલિતાણા-બાંદ્રા ટ્રેનને સાપ્તાહિકમાંથી દૈનિક (રોજિંદી) કરવામાં આવે, તો ધાર્મિક યાત્રાળુઓને સીધી જ રેલ સુવિધા મળી રહે અને સાથે-સાથે ભાવનગરથી મુસાફરી કરતા અન્ય લોકોને પણ ટ્રેનમાં સરળતાથી જગ્યા મળી શકે. જોકે, આ વ્યાજબી માંગ પર રેલવે બોર્ડ કોઈ નક્કર નિર્ણય લેતું નથી.

કોરોના કાળ દરમિયાન બંધ થયેલી સેવાઓ બાદ રેલવે તંત્રની આળસ હજુ સુધી ઉડી નથી. કચ્છ તરફ જવા માટે શ્રમિકો અને વેપારીઓ માટે અત્યંત ઉપયોગી એવી ભાવનગર-ધ્રાંગધ્રા ટ્રેન કોરોના બાદ હજુ સુધી પુનઃ શરૂ કરાઈ નથી. ટ્રેન બંધ હોવાને કારણે મુસાફરોને નાછૂટકે સડક માર્ગે મોંઘી ખાનગી ટ્રાવેલ્સ કે એસ.ટી. બસોનો આશરો લેવો પડે છે, જેનાથી આર્થિક બોજો વધે છે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે દોડતી ભાવનગર-પાલિતાણા લોકલ ટ્રેનના ફેરા પણ કોરોના બાદ ઘટાડી દેવાયા છે, જેના કારણે રોજિંદી અપડાઉન કરતા નોકરીયાતો અને નાના વેપારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. લાંબા અંતરની ટ્રેનોની વાત કરીએ તો, ભાવનગર-ગાંધીગ્રામ ટ્રેનમાં મુસાફરોની સુવિધા માટે વાતાનુકુલિત (AC) કોચ વધારવાની માંગ પણ વર્ષોથી અધ્ધરતાલ છે. જ્યારે સૌરાષ્ટ્રને જોડતી ભાવનગર-ઓખા ટ્રેનમાં મુસાફરોના ભારે ધસારા સામે રીઝર્વેશન (આરક્ષિત) કોચની સંખ્યા વધારવાનો કોઈ નિર્ણય રેલવે તંત્ર દ્વારા લેવાયો નથી. રેલવે વિભાગની આ નીતિથી ભાવનગરના વિકાસ અને પેસેન્જરોની સુખાકારી રૂંધાઈ રહી છે.

# કોર્પોરેશનમાં સમિતિઓની નિમણૂક અંગે ગરમાવો

## કાલે ૯ ખાસ કમિટીઓની નિમણૂકઃ ચેરમેન પદ માટે ખેંચાખેંચી

ભાવનગર,તા.૨૯

મહાનગરપાલિકામાં મેયર અને ચેરમેન સહિતના મુખ્ય પદાધિકારીઓની વરણી બાદ હવે આગામી ૩૦મી જૂનના રોજ મળનારી સાધારણ સભામાં જુદી જુદી ખાસ નવ કમિટીઓની નિમણૂક કરવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો અને મુખ્ય પદાધિકારીઓ સિવાય ભાજપના બાકી રહેલા ૨૮ સભ્યોમાંથી આ નવ કમિટીઓની રચના કરાશે, જેથી એક સભ્યને ઓછામાં ઓછી ત્રણ સમિતિઓમાં સ્થાન મળી શકશે. જોકે, આ સમિતિઓના ચેરમેન પદ મેળવવા માટે ભાજપમાં અત્યારથી જ ભારે ખેંચાખેંચી શરૂ થઈ ગઈ છે.

કોર્પોરેશનની ચૂંટણી પૂર્ણ થયા બાદ મુખ્ય પદાધિકારીઓનું પદ મેળવવા માટે ભાજપના નેતાઓ ખુલ્લેઆમ સામસામે આવી ગયા હતા અને પ્રદેશ કક્ષા સુધી દોડધામ કરી હતી. નેતાઓએ જેમ-તેમ કરીને પદાધિકારીઓને સાચવી લીધા છે, ત્યાં હવે નવી કડાકૂટ શરૂ થઈ છે. જે સભ્યોના નામ મુખ્ય પદાધિકારીઓની રેસમાં ચાલતા હતા, તેઓની નારાજગી દૂર કરવા માટે ખાસ સમિતિના ચેરમેન પદે નિમણૂક કરવા ગતિવિધિઓ તેજ બની છે. ઉપેક્ષાનો ભોગ બનેલા સક્ષમ સભ્યોને આ કમિટીઓમાં ચેરમેન તરીકે પસંદ કરવામાં આવે તેવી પૂરી શક્યતા છે.

# શેળાવદર ગામે જાનથી મારવાના પ્રયાસના આરોપીઓ ગણતરીના કલાકોમાં જેલ ભેગા

## પવનચક્કીની કંપની દ્વારા નદીમાં ગેરકાયદે ડાર પાડવાના વિવાદમાં દાઠા પોલીસ અને એલસીબીની સંયુક્ત કાર્યવાહી



ભાવનગર,તા.૨૯

તળાજાના શેળાવદર ગામે પવનચક્કી માટે નદીમાં ગેરકાયદે ડાર પાડવાનો વિરોધ કરવા બાબતે જાનથી મારી નાખવાની કોશિશનો ગંભીર ગુનો નોંધાયો હતો. આ મામલે ભાવનગર એલસીબી અને દાઠા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગણતરીના કલાકોમાં જ ૬ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આરોપીઓમાં ગીગાભાઈ ભમ્મર, ધનાભાઈ કામળીયા, રામભાઈ પાતાભાઈ ભમ્મર, રામભાઈ માણસુરભાઈ કાગ, ગુલાબસિંહ સરવૈયા અને રામભાઈ ગીગાભાઈ ભમ્મરનો સમાવેશ થાય છે. પોલીસ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ દાઠા પોલીસને સોંપવામાં આવી છે.

# ભંડારિયામાં રહેણાકના મકાનમાંથી ૫૧ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

## એલસીબીની રેઈડમાં મકાનમાંથી ૧૬૧ બોટલનો જથ્થો મળ્યો, આરોપી ફરાર



ભાવનગર,તા.૨૯

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ભંડારીયા ગામે રેઈડ પાડી હતી. અહીં ભાર્ગવ કનૈયાલાલ ભટ્ટ નામના ઈસમે પોતાના રહેણાંક મકાનમાં વેચાણ અર્થે રાખેલો પંજાબ પાસિંગનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી રોયલ ચેલેન્જ વ્હીસ્કી અને રોયલ સ્ટેગ વ્હીસ્કીની કુલ ૧૬૧ સીલપેક બોટલો, જેની કિંમત ?૫૧,૪૬૦ થાય છે, તે કબજે કરી હતી. જોકે, આરોપી ભાર્ગવ ભટ્ટ પોલીસ પકડથી દૂર રહ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ વરતેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઘોઘા રોડના પ્લોટમાંથી વિદેશી દારૂ અને ઈકો કાર સહિત 2.41 લાખનો મુદ્દામાલ ઝબ્બે

## ખુલ્લા પ્લોટમાં કાર દ્વારા થતી હતી હેરફેર; ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ



ભાવનગર,તા.૨૯

ભાવનગર એલસીબી પોલીસે ઘોઘા રોડ વિસ્તારમાં રાજારામના અવેડા પાસે આવેલા એક ખુલ્લા પ્લોટમાં રેઈડ પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. આરોપી અર્જુન રણજીતભાઈ મકવાણા પોતાના પ્લોટમાં દારૂ રાખી ઈકો કાર GJ-04-DN-3844 દ્વારા તેની હેરફેર કરતો હતો. પોલીસે સ્થળ પરથી પંજાબ અને રાજસ્થાન પાસિંગની અલગ-અલગ બ્રાન્ડની કુલ ૪૩૨ દારૂની બોટલો કિંમત રૂ.૯૧,૬૮૦ તથા રૂ.૧.૫૦ લાખની ઈકો કાર મળી કુલ રૂ.૨,૪૧,૬૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ આરોપી અર્જુન મકવાણા ફરાર હોય, ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી એલસીબી સ્ટાફે તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રામભાઈ કાગની પુણ્યતિથિ નિમિત્તે હેલ્થ કેમ્પનો ૧૫૦ દર્દીઓએ લાભ લીધો

ભાવનગર,તા.૨૯

પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગના સુપુત્ર અને કવિ દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટના સ્થાપક સ્વ. રામભાઈ કાગની ૨૮મી પુણ્યતિથિ નિમિત્તે બાબરીયાધાર ગામમાં મલ્ટી-સ્પેશિયાલિટી હેલ્થ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ભાવનગરની એચસીજી હોસ્પિટલની ૧૨ સભ્યોની નિષ્ણાત ટીમે આશરે ૧૫૦ દર્દીઓનું નિઃશુલ્ક સ્ક્રિનિંગ કરી તબીબી સારવાર અને માર્ગદર્શન આપ્યું હતું. ટ્રસ્ટના સેક્રેટરી ઈશભાઈ કાગે જણાવ્યું કે, કાગ પરિવારની લોકસેવાની પરંપરાને જીવંત રાખવા આ આયોજન કરાયું છે. કેમ્પમાં અખેગઢના પૂજ્ય તુલસીબાપુ હરિયાણી, દાદબાપુ વરુ, પીઠુભાઈ બોરીચા, ચિરાગભાઈ જોશી, સ્થાનિક સરપંચો તેમજ મહુવાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર દિલીપભાઈ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. સ્વયંસેવકોની જહેમતથી કેમ્પ સફળ રહ્યો હતો.

# ભાવનગર જિલ્લામાં શ્રમિકો અને ભાડૂતોની વિગતો પોલીસ મથકમાં આપવી ફરજિયાત

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી.ગોવાણીનું જાહેરનામું; નિયમોનો ભંગ કરનાર સામે કરાશે કાયદેસરની કાર્યવાહી

ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લામાં બહારથી રોજગારી અર્થે આવતા શ્રમિકો અને કર્મચારીઓની ચોક્કસ ઓળખ પ્રસ્થાપિત કરવા તથા કાયદો-વ્યવસ્થા જાળવવા માટે એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી.ગોવાણી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩(૧) અન્વયે બહાર પાડવામાં આવેલા આ આદેશ મુજબ, તમામ કારખાનેદારો, બિલ્ડર્સ, હીરા ઉદ્યોગ અને વેપાર-ધંધાના માલિકોએ તેમના ત્યાં કામ કરતા કાયમી, હંગામી કે કોન્ટ્રાક્ટના શ્રમિકોની માહિતી "પત્રક-એ" મુજબ દિન-૭ માં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.

આ ઉપરાંત, કોઈપણ વ્યક્તિને મકાન, દુકાન, ઓફિસ કે ગોડાઉન ભાડે આપતા પહેલાં મિલકત માલિક અને દલાલે "પત્રક-બી" મુજબ ૭ દિવસમાં પોલીસને જાણ કરવાની રહેશે. ઘરઘાટી માટે "પત્રક-સી" અને ખેત શ્રમિકો માટે "પત્રક-ડી" મુજબ વિગતો આપવી ફરજિયાત રહેશે. સરકારી કચેરીઓ અને સંસ્થાઓના કર્મચારીઓને આમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી લઈને નાયબ પોલીસ અધિકારી સુધીના તમામ અધિકારીઓને કાયદેસરની ફરિયાદ કરવા અધિકૃત કરાયા છે. આ જાહેરનામું તા. ૨૫/૦૬/૨૦૨૬ થી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

# 8200થી વધુ બાળકોના પોતાની સાઈકલ ઉપર સવારી કરવાના સ્વપ્ન થયાં સાકાર



ભાવનગર,તા.૨૯

આકાશમાંથી અગન વરસતો તડકો હોય કે ધોધમાર વરસાદ વરસતો હોય, છતાં પછાત વિસ્તારના અંતરિયાળ ગામડાંઓમાંથી ૫ કે ૭ કિલોમીટર સુધી પગપાળા ચાલીને શાળાએ પહોંચતા બાળકોની શિક્ષણયાત્રાને સરળ બનાવવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટના મનુભાઈ અને રિકાબેન શાહ (USA)ના સહયોગે મનુભાઈ શાહના ૮૨મા જન્મદિન નિમિત્તે ૮૨૦૦થી વધુ બાળકોને બાઈસિકલ અર્પણ કરવામાં આવી હતી. ચેન્નઈ, કોલકાતા, અમરાવતી, મુંબઈ, પરમધામ, રાજકોટ, અમદાવાદ, ભાવનગર, કચ્છ અને બેંગ્લોર સહિતના અનેક ક્ષેત્રોમાં યોજાયેલા આ બાઈસિકલ અર્પણતા ઉત્સવે હજારો બાળકોના જીવનમાં નવી ગતિ અને નવા ઉમંગનો સંચાર કર્યો હતો.

ભાવનગરમાં યોજાયેલા આ કાર્યક્રમ કમિશ્નર, મેયર,અને શ્રેષ્ઠિવર્યોની ઉપસ્થિતિમાં આ બાઈસિકલ અર્પણતા ઉત્સવ યોજાયો હતો. આ અંતર્ગત ભાવનગરના રાજવી પરિવારના યુવરાજજયવીરરાજસિંહ ગોહિલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી અનુમોદના કરી હતી, જયારે બેંગ્લોરમાં એમ.એસ.આઈ. ફાઉન્ડેશનના ચેરમેન જીવનભાઈ ભટ્ટ, લોકેશભાઈ મહેતા, નિરવભાઈ દોશી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને બાઈસિકલ અર્પણ કરવામાં આવી હતી. પોતાની નવી બાઈસિકલ પર સવાર થઈ પોતાના ગામ તરફ નીકળેલા હજારો બાળકોના ચહેરા પર ઝળહળતો આનંદ સહયોગ, સંવેદના અને માનવતાનો પાવન સંદેશ પ્રસરાવી ગયો હતો.

# સર્વોત્તમ ડેરીના ૨૬માં સ્થાપના દિનની ધામધૂમથી ઉજવણી

## મેનેજિંગ ડિરેક્ટર એચ.આર.જોષીની અધ્યક્ષતામાં ૨૬ દીપ પ્રગટાવાયા; પશુપાલકોની આર્થિક ક્રાંતિના સંઘર્ષને કરાયો યાદ







ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, 'સર્વોત્તમ ડેરી' ના ૨૬માં સ્થાપના દિનની ઉજવણી ૨૭ જૂન ૨૦૨૬ના રોજ સર્વોત્તમ ડેરી સિહોર ખાતે કરવામાં આવી હતી. આ સ્થાપના દિન સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર એચ.આર.જોષીના અધ્યક્ષ સ્થાને અધિકારીઓ અને કર્મચારીઓની વિશાળ હાજરીમાં ૨૬ દીપક પ્રગટાવીને ધામધૂમથી ઉજવાયો હતો.

આ સંઘના પાયાના પથ્થર એવા એચ.આર.જોષીના મહાસંઘર્ષ થકી આ સંઘની સ્થાપના થઈ હતી, જેનું કેન્દ્રબિંદુ નેસવડ દૂધ મંડળી છે. કાર્યક્રમમાં જૂના સંઘર્ષ, પડકારો અને દૂધ ઉત્પાદકોને ખાનગી વેપારીઓના શોષણમાંથી મુક્ત કરવા માટે કરાયેલી અકલ્પનીય કામગીરીને બિરદાવવામાં આવી હતી. સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોત અને મેનેજિંગ ડિરેક્ટર એચ.આર.જોષીના પરિણામલક્ષી નેતૃત્વ દ્વારા સંસ્થા વિકાસની હરણફાળ ભરી રહી છે. પશુપાલકોને સર્વોત્તમ ભાવ આપી શ્વેતક્રાંતિ થકી આર્થિક ક્રાંતિ લાવવા તેમજ જિલ્લામાં હરિયાળી, આનુવંશિક અને સ્વાસ્થ્ય ક્રાંતિ લાવવામાં આ સંસ્થાનો સિંહફાળો રહ્યો છે. એક નાનકડા ગામમાંથી કારકિર્દી શરૂ કરનાર એચ.આર.જોષીની દીર્ઘદ્રષ્ટિથી જિલ્લાની ત્રણ સહકારી સંસ્થાઓનો વિકાસ થયો છે. તેમના પરિશ્રમથી સર્વોત્તમ ડેરીનું શૂન્યમાંથી સર્જન થયું છે. ડેરી દ્વારા ટૂંકા ગાળામાં આખા દેશમાં રેકોર્ડબ્રેક ભાવ આપીને દૂધ ઉત્પાદકોની આવક વધારવા અને તેમનું જીવનધોરણ ઊંચું લાવવાના હરહંમેશ પ્રયાસો કરવામાં આવે છે.

# સરદાનગર સ્વામી.ગુરુકુળમાં યોજાઈ 'વેસ્ટમાંથી બેસ્ટ' બર્થ ડે કાર્ડ સ્પર્ધા

## ધોરણ-૫ થી ૯ ના વિદ્યાર્થીઓએ નકામી વસ્તુઓમાંથી કલાત્મક કાર્ડ્સ બનાવી સર્જનાત્મકતા દાખવી



ભાવનગર,તા.૨૯

સ્વામિનારાયણ ગુરુકુળ સરદાનગર ખાતે ૨૭ જૂનના રોજ સહઅભ્યાસક પ્રવૃત્તિ અંતર્ગત 'વેસ્ટમાંથી બેસ્ટ' બર્થ ડે કાર્ડ કોમ્પિટિશનનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકોના કલાત્મક માર્ગદર્શન હેઠળ ધોરણ-૫ થી ૯ ના વિદ્યાર્થીઓએ નકામી વસ્તુઓનો પુનઃઉપયોગ કરવાની સમજ મેળવી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિથી જૂની કંકોતરીઓ, નકામા કાગળો, બટન, દોરા, ઉન અને સૂકા પાંદડા-ફૂલોનો ઉપયોગ કરી આકર્ષક બર્થ ડે કાર્ડ્સ તૈયાર કર્યા હતા. શાળાના આચાર્યે તમામ કાર્ડ્સનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી બાળકોની સર્જનાત્મકતા અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને બિરદાવી હતી. તેમણે વિજેતાઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ આયોજન સમગ્ર શાળા પરિવાર માટે પ્રેરણાદાયી અને સફળ રહ્યું હતું.

## તસવીર સમાચાર

## કષ્ટભંજનદેવને રિયલ ડાયમંડના મુકુટ સાથે કરાયો દિવ્ય શણગાર



સાળંગપુર સ્થિત શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પૂનમ નિમિતે આજે તા.૨૯ને સોમવારના રોજ દાદાને જરદોશી અને એમ્બ્રોઈડરી વર્કના વાઘા ધરાવવામાં આવ્યા હતા. દાદાને અતિ આકર્ષક રિયલ ડાયમંડનો મુકુટ અને દિવ્ય છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સાથે સફેદ ગુલાબના ફૂલો વડે અલૌકિક 'શિવ સ્વરૂપ' શણગાર કરવામાં આવ્યો હતો, જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.આ દિવ્ય દર્શનનો લહાવો લેવા માટે મોટી સંખ્યામાં હરિભક્તો ધન્ય બન્યા હતા.

## દક્ષિણામૂર્તિના વિધાર્થીઓ વિજ્ઞાનનગરીની મુલાકાતે



વિજ્ઞાનનગરીમાં **AI** આધારિત સેમિનારનું આયોજન કરવામાં આવતાં ધોરણ ૯ ના તમામ વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન શિક્ષકો ભાગ લીધેલ. જેમાં વિદ્યાર્થીઓએ વિજ્ઞાનગરીના સ્પેસ ગેલેરી અને ગણિત અને ભૌતિક શાસ્ત્ર જેવી લેબની મુલાકાત લઈ પ્રયોગો કરેલ.શાળાના વિજ્ઞાન શિક્ષકોઓએ વિધાર્થીઓની સાથે જોડાઈ યોગ્ય અને પૂરતું માર્ગદર્શન આપી રસ અને રુચિમાં વધારો કરવા બદલ શાળાના આચાર્ય પીઠાભાઈ કોડિયાતરે અભિનંદન આપી સૌને બિરદાવેલ.

## બાળકોને પેન્સિલ બોક્સ બનાવવાની અપાઇ તાલીમ



બાળવયથી વિધાર્થીઓમાં કૌશલ્ય અને મૂલ્ય કેળવણી ઉમેરાય તેવા શૈક્ષણિક હેતુથી શિશુવિહાર સંસ્થામાં અવૈધિક તાલીમ કેન્દ્રના ઉપક્રમે શનિવારના રોજ પ્રીતિબેન ભટ્ટ દ્વારા પેન્સિલ બોક્સ બનાવવાની તાલીમ આપવામાં આવી.મીનાબેન પ્રમોદચંદ્ર હેમાણીના સૌજન્યથી ચાલતી ૨૭૮મી જીવનશિક્ષણ તાલીમ કેન્દ્ર થકી ૩૦ વિધાર્થીઓ તાલીમ બદ્ધ થયા છે.

## ૪૦ દર્દીઓને નેત્ર સારવારનો લાભ મળ્યો



શિશુવિહાર સંસ્થા આયોજિત ૫૩૨મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ જૈનુદિનભાઈ વલીની સ્મૃતિમાં હસ્તે શબનમબેન કપાસીની ઉપસ્થિતિમાં શુક્રવારના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો હતો જેમાં ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના ( વીરનગર ) સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં દર્દીઓની આંખ તપાસ ડો.બુચની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડો.મીનાક્ષીબેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૧૦ દર્દીઓને ખાસ બસમાં વીરનગર લઈ જવામાં આવ્યા હતા.

## સિહોરમાં બાબર સમાજ દ્વારા ચોપડાનું વિતરણ



બાબર સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ -સિહોર દ્વારા રવિવારે મુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતે નિઃશુલ્ક ૨૦૦૦થી વધુ ચોપડા વિતરણ સમારોહનું આયોજન શામપરા ખોડિયાર નારાયણ આશ્રમના મહંત પ.પૂ ઈશ્વરપુરી માતાજી તથા શિક્ષણવિદ મહેશભાઈ ગઢવીની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકાના પ્રમુખ જાગૃતિબેન રાઠોડ,મિલન કુવાડિયા,ડૉ.વિજયભાઈ કંડોળીયા,ભૂદેશભાઈ ખેર, ઉપપ્રમુખ જીગ્નેશભાઈ કંડોળીયા, વિજયભાઈ સોલંકી સહિત ઉપસ્થિત રહ્યા હતા.સમાજના વિધાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે અને સેવાભાવના સંકલ્પને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સિહોરમાં બહેનો દ્વારા વડસાવિત્રી પૂનમની પૂજા



સિહોરના વડલા ચોક સ્થિત સુપ્રસિધ્ધ વડલા વાળી ખોડિયાર માતાજીના મંદિર ખાતે મહિલાઓ દ્વારા વડનું પૂજન કરવામાં આવ્યું હતું વિદ્વાન શાસ્ત્રીઓ દ્વારા આ પૂજા અંગે અગાઉથી તૈયારીઓ કરવામાં આવી હતી પોતાના પતિના દીર્ઘાયુ માટે પરણિત બહેનો વડસાવિત્રી વ્રત કરે છે અને વડની પૂજા અર્ચના કરી સ્ત્રીઓ ઉપવાસ કરીને પતિની લાંબી ઉંમર માટે પ્રાર્થના કરે છે. આજે બહેનોએ વ્રતનું પૂજન કર્યું હતું.

# ભાવનગરમાં રમાશે છઠ્ઠી બાસ્કેટબોલ લીગ: 256 ખેલાડીઓ વચ્ચે જામશે જંગ

### જુલાઈ માસના દર શનિ-રવિમાં રમાશે ૫૧૨ મેચો; ખેલાડીઓને નેશનલ લેવલનું પ્લેટફોર્મ પૂરું પાડવાનો ઉદ્દેશ




તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૯

સિદસર રોડ પર આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ગુજરાતમાં છઠ્ઠી વખત 'ભાવનગર બાસ્કેટબોલ લીગ' (સીઝન સિક્સ) ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગરના સ્થાનિક ખેલાડીઓ નેશનલ લેવલ સુધી પસંદગી પામે તેવા આશયથી યોજાનારી આ ટુર્નામેન્ટમાં કુલ ૧૨૩૬ પ્લેયર્સે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી ૧૨૮ છોકરા અને ૧૨૮ છોકરીઓ મળી કુલ ૨૫૬ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે.

આ ટુર્નામેન્ટ જુલાઈ માસના દર શનિવાર અને રવિવારે સવારે ૬:૩૦ થી ૧૧:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૮:૦૦ એમ બે સેશનમાં રમાડવામાં આવશે, જેમાં કુલ ૫૧૨ મેચો થશે. ટુર્નામેન્ટમાં U-14, U-16, U-18 અને U-18 થી ઉપર એમ ચાર કેટેગરી રાખવામાં આવી છે. આ લીગમાં આઠ ફ્રેન્ચાઇઝીઓ ભાગ લઈ રહી છે અને દરેક ટીમ ૧૪ લીગ મેચ રમશે. ટોચની ટીમો ક્વાર્ટર ફાઈનલ, સેમિફાઈનલ અને ત્યારબાદ ગ્રાન્ડ ફાઈનલમાં ચેમ્પિયન બનવા માટે ટકરાશે. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટની ઓપનિંગ સેરેમની આગામી ૭ જુલાઈના રોજ યોજાશે.

# અધેવાડામાં મોબાઈલની લાઈટે જુગાર રમતા 15 પુરુષો-મહિલાઓ ઝડપાયા

### એલસીબીની રેઈડમાં ૬૦ હજારથી વધુની રોકડ અને મોબાઈલ સહિત રૂ.૭૧,૭૮૦નો મુદ્દામાલ જપ્ત

ભાવનગર,તા.૨૯

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૨૮ જૂન ૨૦૨૬ના રોજ પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે અધેવાડા ગામ, રઘુકુળ પાર્ટી પ્લોટ પાછળ ખુલ્લા ખેતરમાં સફળ રેઈડ પાડી હતી. ત્યાં ત્રણ મોબાઈલ ફોનની લાઈટના અંજવાળે ગંજીપત્તા વડે હાર-જીતનો જુગાર રમતા ૧૫ શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા.

પકડાયેલા આરોપીઓમાં દુર્ગેશ ઉર્ફે દુટ્ટો મકવાણા, જીતેન્દ્ર



બારૈયા, રવિ વેગડ, સાગર મકવાણા, રાજુભાઈ ઉર્ફે બુધાભાઈ ડાભી, હિરેન પરમાર, કરીમભાઈ શેખ તેમજ મીનાબેન બાવળીયા, નીતાબેન બારૈયા, સોનલબેન મકવાણા, રેખાબેન મકવાણા, નાનીબેન વેગડ, જયશ્રીબેન ઉર્ફે પિન્ટુબેન પરમાર, સુનિતાબેન ઉર્ફે લાલુબેન જસમુળીયા અને શારદાબેન ગોસાઈનો સમાવેશ થાય છે.

પોલીસે ઘટનાસ્થળેથી ગંજીપત્તા, રૂ. ૬૦,૭૮૦ની રોકડ રકમ તથા રૂ.૧૧,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન મળી કુલ ?૭૧,૭૮૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ તમામ શખ્સો વિરૂદ્ધ ભરતનગર પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કાયદાકીય જોગવાઈ મુજબ તમામ મહિલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.

## નોઘણવદર કેન્દ્રવર્તી શાળામાં પ્રવેશોત્સવ સાથે કરાયું વૃક્ષારોપણ

પાલીતાણા તાલુકાના નોઘણવદર ગામે કન્યા કેળવણી મહોત્સવ સાથે આંગણવાડી. કેન્દ્રવર્તી શાળા અને શાતાબેન મોહનલાલ દરજી માધ્યમિક શાળાના બાળકોને પાલીતાણા મામલતદાર અર્જુનસિહ ડોડીયાની અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. આંગણવાડી સાથે બાલવાટીકામા પ્રથમ પગલી પાડતા નાના ભુલકાઓને કુમુકુમ તિલક સાથે શાળામાં પ્રવેશ આપેલ.નાના ભુલકાઓને દફતર કિટ દાતા રોનક ભાર્ગવભાઈ મહેતા દ્વારા વિતરણ કરવામાં આવેલ. આજના પ્રસંગે તમામ બાળકોને ભરતભાઈ નારણભાઈ કથીરીયા તરફથી ગુંદી ગાઠીયા આપવામાં આવેલ. કાર્યક્રમમા પાલીતાણા મામલતદાર, સી આર સી સાથે પાચાભાઈ ઢગલ, તાલુકા પંચાયત ઉપ પ્રમુખ લશકરભાઈ ડાભી, હરેશભાઈ લાઠીયા એસ એમ સી અધ્યક્ષ શાળાના આચાર્ય અશ્વીનભાઈ પટેલ, વી જી ગોહિલ સહિત બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહેલા.કાર્યક્રમ નુ સંચાલન શાળાના બાળકો દ્વારા કરવામાં આવેલ.મહેમાનો દ્વારા શાળામાં વ્રુક્ષા રોહપણ કરવામાં આવ્યું હતું.

## ભાવનગર રેલવે મંડળ દ્વારા યોજાયું 'નશા મુક્ત ભારત અભિયાન'

ભાવનગર,તા.૨૯

આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્યોના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર વિરોધી દિવસ નિમિત્તે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા ૧૭ જૂનથી ૨૬ જૂન, ૨૦૨૬ દરમિયાન "નશા મુક્ત ભારત અભિયાન" યોજવામાં આવ્યું હતું. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ આયોજિત આ અભિયાનનો મુખ્ય હેતુ રેલવે કર્મચારીઓ, તેમના પરિવારો અને સમાજમાં નશાના દૂષ્પરિણામો અંગે જાગૃતિ લાવવાનો હતો. આ અંતર્ગત ભાવનગર રેલવે હોસ્પિટલ ઉપરાંત જેતલસર, વેરાવળ, ધોળા, જૂનાગઢ, પોરબંદર અને બોટાદના આરોગ્ય એકમો તથા રેલવે કોલોનીઓમાં ઘર-ઘર જઈને જનસંપર્ક કરાયો હતો. આરોગ્ય ટીમો દ્વારા લોકોને પેમ્ફલેટ વહેંચીને દારૂ, તમાકુ અને ગુટખા છોડવા પ્રેરિત કરાયા હતા. અભિયાન દરમિયાન હેલ્થ ટૉક્સ યોજીને નશાથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી તેમજ નશો છોડવા ઈચ્છતા લોકો માટે કાઉન્સેલિંગ સેવાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# પોલિયો રસીકરણ : પ્રથમ દિવસે પરિણામલક્ષી કામગીરી બાદ આજથી ડોર ટુ ડોર ઝુંબેશ

**પ્રથમ દિવસે જિલ્લામાં ૮૭% અને શહેરી વિસ્તારમાં ૯૦.૪૫% બાળકોને રસી અપાઈ**

ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લામાં ૨૮ થી ૩૦ જૂન દરમિયાન ચાલનારા પોલિયો નાબૂદી અભિયાનનો આજથી પ્રારંભ થયો છે. પહેલા જ દિવસે તંત્ર દ્વારા પ્રશંસનીય કામગીરી કરીને જિલ્લામાં ૮૭% અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં ૯૦.૪૫% નો લક્ષ્યાંક હાંસલ કરી લેવામાં આવ્યો છે.

સત્તાવાર આંકડા મુજબ, ભાવનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં ૧,૭૬,૨૧૯ બાળકોના કુલ લક્ષ્યાંક સામે આજે પ્રથમ દિવસે જ ૧,૫૨,૭૭૨ બાળકોને પોલિયો વિરોધી રસીના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. જ્યારે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરી વિસ્તારોમાં ૧,૨૮,૬૮ ષ્ઠક્રહદ્દક્રજ બાળકોના લક્ષ્યાંક સામે ૧,૧૬,૩૯૫ બાળકોને આવરી લેવાયા હતા. આ અભિયાન અંતર્ગત જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાઘવા તળાજાના હબુકવડ ખાતેથી કાર્યક્રમમાં સહભાગી થઈને બાળકોને ડ્રોપ્સ પીવડાવ્યા હતા. પ્રથમ દિવસે રસીકરણથી વંચિત રહી ગયેલા ૦ થી ૫ વર્ષના બાળકોને તા. ૨૯ અને ૩૦ જૂનના રોજ આરોગ્ય ટીમો દ્વારા ઘરે-ઘરે જઈને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવશે.

## અવસાન નોંધ

**મોઢ ચાતુર્વેદી ચુથા સમવાય બ્રાહ્મણ મરણ**

વરતેજવાળા હાલ સિહોર નિવાસી સ્વ. શાંતિલાલ મહાદેવભાઈ પાઠકના સુપુત્ર, ગંગાસ્વરૂપ રસીલાબેન શાંતિલાલ પાઠકના પુત્ર તથા જ્યોતિબેન પાઠકના પતિ સ્વ. બાબુભાઈ મહાદેવભાઈ પાઠક મોટા બાપુજી જનક શાંતિલાલ પાઠક ઉંમર વર્ષ ૫૬ તાલુકા પંચાયત શિહોરનું તા. ૨૭ને શનિવારના રોજ અવસાન થયેલ છે, તે ડો.અર્જુન જનક પાઠક ડો. દેવાંગી જનક પાઠકના પિતાશ્રી, તેમજ ડો.રાધિકા અર્જુન પાઠકના સસરા થાય.તેમજ પિયર પક્ષે દેવશંકરભાઈ ગોરીશંકરભાઈ મહેતાના જમાઈ થાય ગીતાબેન, મીરાબેન, માધવીબેન અને આરતીબેન, એક્તાબેનના ભાઈ થાય.તેમનું બેસણું તા ૨૯ને સોમવારે સાંજે ૪ થી ૬ બંધન પાર્ટી પ્લોટ, ભાવનગર રાજકોટ રોડ સિહોર રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૮૭/૨૦૨૬**
**જન્મ તા.૦૧/૦૧/૧૯૮૯**

**શ્રી ભગતભાઇ બોઘાભાઇ રાઠોડ,**
**રહે.સવાઇનગર, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**સવાઇનગર ગ્રામ પંચાયત કચેરી, મુ. સવાઇનગર, તા.જી.ભાવનગર**

**વિષય : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભગતભાઈ બોઘાભાઈ રાઠોડ રહે. સવાઈનગર, તા.જિ.ભાવનગરએ પોતાના ભત્રીજી શ્રી સોનલબેન કાળુભાઈ ભરવાડનો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૯ના રોજ સવાઈનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૭૬/૨૦૨૬**
**મરણ તા.૩૧/૧૦/૨૦૨૧**

**શ્રી પુજાબેન મોહનભાઇ મારૂ,**
**રહે.વણકર વાસ, કમળેજ, ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી કમળેજ,**
**ગ્રામ પંચાયત કચેરી,મુ.કમળેજ,તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મુત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પુજાબેન મોહનભાઈ મારૂ, રહે.વણકર વાસ, કમળેજ, ભાવનગર તેમના દાદી શ્રી ટીડીબેન દેવજીભાઈ મારૂનું મરણ તા.૩૧/૧૦/૨૦૨૧ રોજ કમળેજ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**અરજી નં ૧૦૨/૨૦૨૬**
**મરણ.તા.૨૮/૦૭/૧૯૯૯**

**શ્રી ભકાભાઇ મેહુરભાઇ બલ્યા,**
**રહે. મુ. ભીકડા. તા.ઘોઘા,જી.ભાવનગર.**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. ભીકડા, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભકાભાઈ મેહુરભાઈ બલ્યા રહે. મુ.ભીકડા. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના બહેન રાધાબેન લખમણભાઈ ચાવડાનુ મરણ તા.૨૮/૦૭/૧૯૯૯નાં રોજ ગામઃ- ભીકડા, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**અરજી નં ૧૦૩/૨૦૨૬**
**મરણ.તા.૦૨/૦૮/૨૦૨૪**

**શ્રી નિર્મળસિંહ કુંવરસિંહ ગોહિલ,**
**રહે. મુ. ભીકડા. તા.ઘોઘા,જી.ભાવનગર.**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. વાળુકડ, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નિર્મળસિંહ કુંવરસિંહ ગોહિલ રહે. મુ.ભીકડા. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના ભાભી રંજનબા અનિરૂધ્ધસિંહ ગોહિલનુ મરણ તા.૦૨/૦૮/૨૦૨૪નાં રોજ ગામઃ- વાળુકડ, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**અરજી નં ૯૧/૨૦૨૬**
**જન્મ.તા.૨૧/૧૨/૧૯૬૮**

**શ્રી સૈયદ રાબુબેન વલ્લીભાઇ,**
**રહે. મુ.વાળુકડ. તા. ઘોઘા,જી.ભાવનગર.**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. વાળુકડ, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સૈયદ રાબુબેન વલ્લીભાઈ રહે. મુ.વાળુકડ. તા.ઘોઘા, જી.ભાવનગરએ તેમના પુત્ર રહેમાનભાઈ વલીભાઈ સૈયદનો જન્મ તા.૨૧/૧૨/૧૯૬૮નાં રોજ ગામઃ- વાળુકડ, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)










## રોષે ભરાયેલા ખેડૂતોએ ચેરમેનને આવેદન પાઠવી અરીસો ધર્યો

# ભાજપ શાસિત ભાવનગર માર્કેટિંગ યાર્ડને 'વિકાસ' સાથે બાર ગાઉ છેટું ! : સુવિધાઓનો ઘોર અભાવ, ઉગ્ર આંદોલનની ચીમકી

### શેડની તંગી, બિનઅધિકૃત એજન્ટોનો ત્રાસ અને સીસીટીવીના અભાવે અન્નદાતાને આર્થિક નુકસાન વેઠવાનો વારો; લેખિત ખાતરી આપવા ઉગ્ર માંગ





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૯

જિલ્લાના હજારો ખેડૂતોની આજીવિકાનું મુખ્ય કેન્દ્ર ગણાતા ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં પાયાની અને પ્રાથમિક સુવિધાઓનો ઘોર અભાવ સર્જાતા ખેડૂતોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. યોગ્ય વ્યવસ્થાના અભાવે અન્નદાતાઓની કિંમતી જણસી બગડી રહી છે, જેના કારણે તેમને મોટું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ સમગ્ર ગેરવ્યવસ્થા માટે ખેડૂતો દ્વારા માર્કેટિંગ યાર્ડ પ્રશાસનને સીધેસીધું જવાબદાર ઠેરવવામાં આવ્યું છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, યાર્ડમાં શાકભાજી, લીંબુ, અનાજ, કપાસ અને મગફળી જેવા અગત્યના પાકોની સુરક્ષા માટે પૂરતા શેડ ઉપલબ્ધ નથી. જે થોડાઘણા શેડ છે તે પણ અત્યંત બિસ્માર અને જર્જરિત હાલતમાં હોવાથી ચોમાસા કે વાવાઝોડા દરમિયાન પાકને સુરક્ષિત રાખવામાં સંપૂર્ણ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. આ સિવાય, યાર્ડમાં લાયસન્સ વગરના (ભૂતિયા) કમિશન એજન્ટો બેફામ સક્રિય બન્યા છે, જેઓ અવારનવાર ઉઠી જતા હોવાથી ખેડૂતોના લાખો રૂપિયાના બિલો સલવાઈ જાય છે અને તેમની આર્થિક સુરક્ષા જોખમાય છે.યાર્ડના આંતરિક રસ્તાઓ બિસ્માર હાલતમાં છે, જ્યારે હરાજીના સમયે પૂરતી લાઈટિંગ વ્યવસ્થા ન હોવાથી અંધારપટ જેવી સ્થિતિમાં ખેડૂતો અને વેપારીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. પરિસરમાં સીસીટીવી કેમેરા ન હોવાના કારણે વાહનો દ્વારા માલ કચડાઈ જવાના અને રાત્રિના સમયે ચોરી થવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે.આ ઉપરાંત, દૂર-દૂરથી આવતા ખેડૂતો માટે સ્વચ્છ પીવાનું પાણી, શૌચાલય, રાત્રિ રોકાણ કે ભોજન માટે યોગ્ય કેન્ટિનની કોઈ સુવિધા નથી. સફાઈના નામે મીંડું હોવાથી સમગ્ર યાર્ડમાં ગંદકી અને રોગચાળો ફેલાવવાનો ભય સતાવી રહ્યો છે. ખેડૂતોએ હરાજીનો સમય મહત્તમ ૩ કલાક સુધી મર્યાદિત કરવાની પણ માંગ કરી છે. અન્નદાતાઓની મહેનતની કમાણી વહીવટી નિષ્કાળજીને કારણે વેડફાઈ રહી હોય, ખેડૂતોએ આ તમામ ૧૦ મુદ્દાઓની સમસ્યાઓનું નિવારણ ક્યારે આવશે તેની પ્રશાસન પાસે આજરોજ લેખિત ખાતરી માંગી છે. જો તંત્ર દ્વારા સત્વરે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ખેડૂતોને હિત રક્ષણ કાજે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# માતાની મમતા શર્મશાર : ભાવનગરમાં નવજાત શિશુને રસ્તા પર ત્યજી દીધું

### આખલોલ જગાતનાકા BMC ઓફિસ નજીક બાળક મળી આવતા ચકચાર; ૧૦૮ની ટીમે સમયસર પહોંચી માસૂમનો જીવ બચાવ્યો



ભાવનગર,તા.૨૯

સંસ્કારી નગરી તરીકે ઓળખાતા ભાવનગર શહેરમાં માનવતાને કલંકિત કરતી આઘાતજનક ઘટના સામે આવી છે. પોતાનું પાપ છુપાવવાના ઈરાદે એક ક્રૂર માતાએ પોતાના જ નવજાત શિશુને રસ્તે રઝળતું ત્યજી દેતાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, શહેરના આખલોલ જગાતનાકા પાસે આવેલી ભાવનગર મહાનગરપાલિકા (BMC) ની ઓફિસ અને ઈન્દિરા નગર નજીકથી આ ત્યજી દેવાયેલું માસૂમ નવજાત શિશુ મળી આવ્યું હતું. બાળકના રડવાનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને રસ્તા પર બાળકને જોતાં જ હાજર સૌ કોઈ સ્તબ્ધ બની ગયા હતા.

સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા આ અંગે તાત્કાલિક ઈમરજન્સી સેવાઓને જાણ કરવામાં આવતા જ મેડિકલ ટીમ અને ૧૦૮ની ગાડી ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે દોડી આવી હતી. ૧૦૮ની ટીમે નવજાત શિશુને સુરક્ષિત કટોકટીમાંથી બહાર કાઢી ઘટના સ્થળે જ જરૂરી પ્રાથમિક સારવાર આપી હતી. માસૂમ બાળકની તબિયતને ધ્યાને રાખી તેને વધુ સઘન સારવાર અને દેખરેખ અર્થે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં નવજાતને છોડી જનાર નિર્દયી માતા પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે, જ્યારે પોલીસે ગુનો નોંધીને બાળકને ત્યજી જનાર અજાણી મહિલાની શોધખોળ શરૂ કરી છે.

# ઘરે મોડા આવવા બાબતે પત્નીએ કારણ પૂછતા પતિ સહિત સાસરિયાઓ દ્વારા જીવલેણ હુમલો

### છરી વડે હુમલો કરી ગળું દબાવ્યું, પોલીસ આવતા જીવ બચ્યો: નીલમબાગ પોલીસ મથકમાં ૪ સામે ગુનો દાખલ

ભાવનગર,તા.૨૯

ભાવનગર શહેરના સરદાર પટેલ સ્કૂલ રોડ પર આવેલી અક્ષરધામ સોસાયટીમાં મોડી રાત્રે પતિને ઘરે મોડા આવવાનું પૂછવા પર ઉશ્કેરાયેલા પતિ અને સાસરિયાઓએ પરિણીતા પર જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ઈજાગ્રસ્ત પરિણીતાને માથાના ભાગે છરી વાગતા વધુ સારવાર માટે સર-ટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરના અક્ષરધામ સોસાયટી શેરી નં-૮/એ માં રહેતા ૨૯ વર્ષીય મીરાંબા ચૌહાણે નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે, ૨૯ જૂનના રોજ રાત્રે ૧ વાગ્યે તેમના પતિ મહેન્દ્રસિંહ ઘરે મોડા આવ્યા હતા. મીરાંબાએ મોડા આવવાનું કારણ પૂછતા પતિ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો ભાંડી કબાટમાંથી છરી કાઢી હતી. દેકારો સાંભળી સસરા નારસંગભાઈ, દિયર ભગીરથસિંહ અને નણંદ સોનલબેન રૂમમાં ઘસી આવ્યા હતા. ચારેય શખ્સોએ ભેગા મળી પરિણીતાને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. તેમજ પતિએ ગળું દબાવી આંખની ઉપરના ભાગે છરીનો ઘા ઝીકી દીધો હતો.દરમિયાન બચાવ માટે પરિણીતાના ભાઈ આવી જતા તેમણે ૧૧૨ પર ફોન કરી પોલીસ બોલાવી હતી. પોલીસને જોઈ આરોપીઓએ હુમલો બંધ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત મીરાંબાને માથાના ભાગે અને શરીર પર મુંઢ ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડાયેલ બનાવ અંગે નીલમબાગ પોલીસે પતિ, સસરા, દિયર અને નણંદ એમ ચારેય આરોપીઓ વિરુદ્ધ BNSની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૩), ૫૪ અને જી.પી.એ. ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અખંડ સૌભાગ્યની કામના સાથે કરાયુ વડસાવિત્રી પૂજન



તસવીર : ધવલ વાજા

ભાવનગર શહેર અને જિલ્લામાં જેઠ માસની પૂનમે સૌભાગ્યવતી બહેનોએ સોળે શણગાર સજીને પરંપરાગત વડસાવિત્રી વ્રતની ઉજવણી કરી હતી. શિવ મંદિરો અને વડલાના ઝાડે મોટી સંખ્યામાં એકત્રિત થઈને બહેનોએ અબીલ-ગલાલ, કંકુ-ચોખા, ફૂલ અને જળ ચઢાવી શાસ્ત્રોક્ત વિધિથી વડનું પૂજન કર્યું હતું. ત્યારબાદ વડની ફરતે સૂતરનો દોરો વીંટાળી, પ્રદક્ષિણા કરી પતિના દીર્ઘાયુષ્ય અને સ્વાસ્થ્ય માટે મંગલકામના કરી હતી. ભાવનગર શહેરમાં બિલેશ્વર મહાદેવ, ભગવનેશ્વર માહદેવ, મસ્તરામબાપા મંદિર સહિતના સ્થળોએ બહેનોને પૂજન અર્ચન કરાવાયું હતું. સત્યવાન-સાવિત્રીની કથા સાથે જોડાયેલા આ વ્રત નિમિત્તે અનેક મહિલાઓએ નકોરડા ઉપવાસ તથા ફરાળ કરી ધન્યતા અનુભવી હતી.

# ઘોઘાના સારવદર ગામે સિમેન્ટ મિક્સરના ભાડા બાબતે યુવાન પર જીવલેણ હુમલો

### ૧૦ હજારની ઉઘરાણીમાં ઉશ્કેરાયેલા ત્રણ શખ્સોએ ધારીયા અને ધોકા વડે હુમલો કરી માથું ફોડ્યું

ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના સારવદર મહાદેવ ગાળા રસ્તે આવેલ વાડી વિસ્તારમાં સિમેન્ટ મિક્સર મશીનના બાકી ભાડાના પૈસા બાબતે યુવાન પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે.

ઘોઘાના સારવદર ગામના પ્રકાશભાઈ રતનભાઈ ગોહેલ (ઉ.વ.૨૫)એ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે,તા.૨૮ના રોજ તેમના મોટાભાઈ જયંતીભાઈએ હેતરાજ પાસે સિમેન્ટ મિક્સર મશીનના બાકી રહેલા ૧૦,૦૦૦ રૂપિયાના ભાડાની ઉઘરાણી કરી હતી. આ બાબતે હિસાબ કરવા હેતરાજ, તેનો ભાઈ નિકુલ અને તુલશીભાઈએ જયંતીભાઈને વાડીના શેઢે બોલાવ્યા હતા. ત્યાં ઉશ્કેરાયેલા હેતરાજે જયંતીભાઈને માથાના પાછળના ભાગે ધારીયાનો ઘા મારી દીધો હતો. જ્યારે નિકુલે લાકડાના ધોકા વડે ગળા અને ગાલના ભાગે તેમજ તુલશીભાઈએ ઢીકા પાટુનો માર માર્યો હતો.

આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા અને લોહીલુહાણ થયેલા જયંતીભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભાવનગરની સર-ટી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેમના માથાના ભાગે અને કાન પાસે ટાંકા લેવામાં આવ્યા છે. પોલીસે ત્રણેય હુમલાખોરો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અલંગમાં બાઈકની ડીકીમાં રાખીને વિદેશી દારૂ વેચતો શખ્સ ઝડપાયો

### દારૂની બોટલ અને બાઈક મળી કુલ રૂ. ૩૦,૯૦૦નો મુદ્દામાલ જપ્ત: સપ્લાયર વિરુદ્ધ ગુનો નોંધાયો

ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લાના અલંગ પોલીસ સ્ટેશનના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ભાખલ કેનાલના કાચા રસ્તેથી બાઈકમાં વિદેશી દારૂ રાખી વેચાણ કરતા એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અલંગ પોલીસને બાતમી મળી હતી કે એક ઈસમ ભાખલ કેનાલ પાસે બાઈક સાથે ઊભો છે અને વિદેશી દારૂ વેચે છે. જેથી પોલીસે પંચોને સાથે રાખીને દરોડો પાડી હીરો બાઈક (GJ-04-FB-4522) સાથે વિપુલભાઈ ગોરધનભાઈ સોલંકી ઉ.વ.૩૪, રહે.ગરીબપુરા, તા. ઘોઘાને પકડી પાડ્યો હતો. બાઈકની ડીકીમાં તપાસ કરતા અંદરથી પંજાબ રાજ્યની 'રોયલ સ્ટેગ' બ્રાન્ડની ૭૫૦ MLની એક વિદેશી દારૂની બોટલ મળી આવી હતી.

પોલીસે રૂ. ૯૦૦ ની દારૂની બોટલ અને રૂ. ૩૦,૦૦૦ નું બાઈક મળી કુલ રૂ. ૩૦,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મજકુર ઈસમની અટકાયત કરી હતી. પૂછપરછમાં આરોપીએ આ દારૂ ગરીબપુરાના જ વિપુલભાઈ કેશુભાઈ મોભ પાસેથી લાવ્યાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી સપ્લાયરને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

# જેસર પંથકમાં પવન સાથે ધોધમાર વરસાદ, રસ્તાઓ પર નદીઓ વહી



ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લાના જેસર તાલુકા સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. પવન સાથે ધોધમાર વરસાદ વરસતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી. મહુવા તાલુકાના કેટલાક ગામોમાં પણ વરસાદ પડતા લોકોએ ગરમીમાં રાહત મેળવી હતી.

જેસરમાં પડેલા ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે સ્થાનિકોને થોડી અગવડતાનો સામનો કરવો પડ્યો હતો.આ વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ખેતી માટે આ વરસાદને અત્યંત લાભદાયક માનવામાં આવે છે, જે પાકને નવજીવન આપશે તેવી આશા છે.

# ઘોઘાના લાખણકા ગામે ખનીજ માફિયાઓ પર તંત્રનો પ્રહાર: દોઢ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના લાખણકા ગામે મોટા પાયે ચાલતી ગેરકાયદેસર રેતી ખનની પ્રવૃત્તિ પર ભૂસ્તરશાસ્ત્રી અને પ્રાંત અધિકારીની સંયુક્ત ટીમે આકસ્મિક દરોડો પાડી મોટો સપાટો બોલાવ્યો છે. આ કડક કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી લાખોની કિંમતી મશીનરી સહિત કુલ ?૧.૫૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, લાખણકા ગામની સીમમાં સરકારી અને ખાનગી પડતર જમીનોમાં ભૂમાફિયાઓ દ્વારા રેતી ખનન થતું હોવાની ગુપ્ત ફરિયાદ મળી હતી. તપાસ દરમિયાન અધિકારીઓ અલગ-અલગ ૬ સ્થળો પર ગેરકાયદેસર રીતે રેતી ચાળવાના મસમોટા ચારણા ધમધમતા જોઈ ચોંકી ઉઠ્યા હતા. તંત્રએ તાત્કાલિક કાર્યવાહી કરીને ખોદકામમાં વપરાતા ૪ જેસીબી મશીન, ૪ મોટા ડમ્પર (૨ રેતી ભરેલા), ૨ ટ્રેક્ટર અને ૬ ચારણા સહિતની સામગ્રી કોર્ડન કરી સીઝ કરી લીધી હતી.

જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી બી.એમ. જાળોંધરાએ જણાવ્યું કે, જપ્ત કરાયેલો તમામ મુદ્દામાલ જીએમડીસી (પ્સ્ઢઝ) તગડી ખાતે ખસેડવામાં આવ્યો છે. હાલ આ પ્રવૃત્તિ પાછળ સંકળાયેલા સ્થાનિક શખ્સો સામે રોયલ્ટી ચોરી અને ખાણ-ખનીજ ધારા હેઠળ દંડકીય કાર્યવાહી હાથ ધરાતા ખનીજ ચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### ભૂસ્તરશાસ્ત્રી અને પ્રાંત અધિકારીની સંયુક્ત ટીમે પાડ્યો ઓચિંતો દરોડો; ૪ જેસીબી, ૪ ડમ્પર અને ૬ ચારણા સીઝ કરાયા

